RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 332* Date: 29.09.2022, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ ૩ મહિના માટે લંબાવવાનો નિર્ણય



**નવીદિલ્હી,તા.૨૮.,**

કેન્દ્ર સરકારે એવા લાખો કેન્દ્રીય સરકારી કર્મચારીઓને રાહત આપી છે જેઓ મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાતની રાહ જોઈ રહ્યા હતા. આજે કેબિનેટે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરવાની મંજૂરી આપી છે. મોંઘવારી ભથ્થાના મુદ્દે સરકારે વિચાર-વિમર્શ કર્યા બાદ નિર્ણય લીધો છે. કેબિનેટની બેઠક બાદ ડીએ વધારાના પ્રમાણ પર ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવી છે, જેમાં ૪ ટકાના વધારાની જાહેરાત કરવામાં આવી છે. ડીએ વધારાથી કેન્દ્ર સરકારના લગભગ ૫૨ લાખ કર્મચારીઓના પગારમાં વધારો થશે. રાજ્ય સરકારો પણ તેને અનુસરે તેવી શક્યતા છે. આસમાની મોંઘવારી વચ્ચે ૢછમાં વધારાથી કર્મચારીઓને મોટી રાહત મળશે.ડીએ વધારા સિવાય, કેન્દ્રીય કેબિનેટ પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાને વધુ ૩ મહિના માટે ડિસેમ્બર સુધી લંબાવવાનો નિર્ણય લઈ શકે છે. સરકારી તિજોરી પર લગભગ ૪૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થશે. એ યાદ રહે કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વાર ફેરફાર કરવામાં આવે છે. પ્રથમ જાન્યુઆરીથી જૂન સુધી આપવામાં આવે છે, જ્યારે બીજી જુલાઈથી ડિસેમ્બરમાં આવે છે. કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા બાદ કુલ ડીએ ૩૮ ટકા પર પહોંચી ગયો છે. જૂન મહિના માટે અખિલ ભારતીય સીપીઆઈ આઈડબ્લ્યુએ આ મહિને ૢછમાં વધારો કરવાનો સંકેત આપ્યો હતો. મોંઘવારી ભથ્થામાં વધારાની સાથે કર્મચારીઓને જુલાઈ અને ઓગસ્ટ મહિનાનું એરિયર્સ પણ મળી શકે છે.નોંધપાત્ર રીતે, વર્ષ ૨૦૨૨ માટે મોંઘવારી ભથ્થામાં પ્રથમ વધારો માર્ચમાં જાહેર કરવામાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૧માં એઆઈસીપીઆઈનો આંકડો ૧૨૫.૪ હતો. પરંતુ, જાન્યુઆરી ૨૦૨૨માં તે ૦.૩ પોઈન્ટ ઘટીને ૧૨૫.૧ થઈ ગયો. ફેબ્રુઆરી ૨૦૨૨ માટે ઓલ ઈન્ડિયા સીપીઆઈ આડબ્લ્યુ ૦.૧ પોઈન્ટ ઘટીને ૧૨૫.૦ પર હતો. ૧-મહિનાની ટકાવારીમાં ફેરફાર પર તે અગાઉના મહિનાની તુલનામાં ૦.૦૮ ટકા ઘટ્યો હતો, જે એક વર્ષ અગાઉના સમાન મહિનાની વચ્ચે નોંધાયેલ ૦.૬૮ ટકાની વૃદ્ધિની તુલનામાં હતો. માર્ચ મહિનામાં ૧ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. માર્ચ માટે એઆઈસીપીઆઈ ઈન્ડેક્સના આંકડા ૧૨૬ હતા.

કેન્દ્રીય કેબિનેટે ૩૦ માર્ચે મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહતમાં ૩ ટકાનો વધારો કરીને ૩૪ ટકા કર્યો હતો, જેનાથી કેન્દ્ર સરકારના ૧.૧૬ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને ફાયદો થયો હતો. વધારાનો હપ્તો ૧ જાન્યુઆરી ૨૦૨૨થી લાગુ થશે. આ વધારો સ્વીકૃત ફોર્મ્યુલા મુજબ છે, જે ૭મા કેન્દ્રીય પગાર પંચની ભલામણો પર આધારિત છે.

## અયોધ્યામાં સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરના નામ પર એક ચોકનુ પીએમ મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું

### રામ મંદિરનુ ભૂમિ પૂજન થયુ તે દિવસે લતાજી ભાવુક થઈ ગયા હતા, પીએમ મોદીએ યાદ એ દિવસ કર્યો



નવીદિલ્હી,તા.૨૮.

આજે અયોધ્યામાં સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરના નામ પર એક ચોકનુ પીએમ મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યુ છે. આજે લતાજીનો જન્મ દિવસ પણ છે. આ પ્રસંગે પીએમ મોદીએ ૫ ઓગસ્ટ,૨૦૨૦નો દિવસ યાદ કર્યો હતો.આ દિવસે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે ભૂમિ પૂજન થયુ હતુ.પીએમ મોદીએ કહ્યુ હતુ કે, આ દિવલે લતા દીદી બહુ ભાવકુ હતા અને મને ફોન કરીને રામ મંદિરના ભૂમી પૂજન માટે ખુશી વ્યક્ત કરી હતી.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, લતા દીદીએ પોતાના સૂરોથી લોકોના દિલોને જોડયા છે.લતા દીદીના નામ પરનો આ ચોક કલા જગતના લોકો માટે પ્રેરણાનુ કામ કરશે. ભારતના મૂળીયા સાથે જોડાઈને આધુનિકતા તરફ આગળ વધતુ તેમજ ભારતની કલા અને સંસ્કૃતિને દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડવી તે આપણી ફરજ છે.

તેમણે કહ્યુ હતુ કે, ભગવાન શ્રી રામ આપણી સભ્યતાના પ્રતિક પુરૂષ છે. શ્રી રામ આપણી નૈતિકતાના જીવંત આદર્શ છે અને આપણા મુલ્યો, મર્યાદા અને કર્તવ્યના ઉદાહરણ તરીકે તેમને જોવામાં આવે છે. જયારે રામ મંદિરનુ ભૂમિ પૂજન થયુ ત્યારે લતા દીદીનો મને ફોન આવ્યો હતો.તેઓ બહુ ખુશ હતા. તેમને વિશ્વાસ નહોતો થઈ રહ્યો કે, આખરે રામ મંદિરનુ નિર્માણ શરૂ થઈ ગયુ છે.

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં નયાઘાટ ચોક હવે લતા મંગેશકર ચોક તરીકે ઓળખાશે. કોયલકંઠી લતા મંગેશકરના નામ પર સ્મૃતિ ચોકનું લોકાર્પણ બુધવારે સીએમ યોગીએ કર્યું. તેમની સાથે કેન્દ્રીય સંસ્કૃતિ જી કિશન પણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ લતા મંગેશકરનાં ભત્રીજા અને પુત્રવધૂ પણ હાજર રહ્યાં હતાં. તેમજ આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પોતાનો વીડિયો સંદેશો આપ્યો હતો આપશે. લતા મંગેશકરની આજે ૯૩મી જન્મજયંતી છે. લોકાર્પણ પહેલાં જ લતાજીને શ્રદ્ધાજંલિ આપવામાં આવી હતી. આ પછી તેમના ભત્રીજા આદિનાથ મંગેશકર અને પુત્રવધૂ કૃષ્ણા મંગેશકરે સ્વાગત કર્યું હતું. લતાજીનાં ગાયેલાં ભજનો મહારાષ્ટ્રના ગીતકાર સાવની રવીન્દ્ર દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં.લતા મંગેશકર ચોકનું કન્સ્ટ્રક્શન દર્શાવવા માટે એક શોર્ટ ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ ચોકને ૩૦ દિવસમાં લગભગ ૮.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. અયોધ્યા શોધ સંસ્થાન દ્વારા પ્રકાશિત ગ્લોબલ ઈન્સાઈક્લોપીડિયા ઓફ રામાયણનાં ૧૧ પુસ્તકોનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું

## જે ધારાસભ્યોને નથી સંભાળી શકતા તે કોંગ્રેસ કેવી રીતે સંભાળશે?: ટી.એસ. સિંહદેવ

રાંચી,તા.૨૮

છત્તીસગઢના સ્વાસ્થ્ય મંત્રી ટીએસ સિંહની પણ રાજસ્થાન સંકટ વિવાદમાં એન્ટ્રી થઈ ગઈ છે. તેમણે મુખ્યમંત્રી અશોક ગેહલોત પર જોરદાર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, જે વ્યક્તિ પોતાના ધારાસભ્યોને સંભાળી શકતી નથી, તે કોંગ્રેસને કેવી રીતે સંભાળશે. જોકે છત્તીસગઢમાં અઢી-અઢી વર્ષ ઝસ્ની ફોર્મ્યૂલામાં ટી એસ સિંહનો નંબર આવવા છતા ઝસ્નું પદ મળી શક્યું નહોતુ.રાજસ્થાનની વચ્ચે ઝસ અશોક ગેહલોત પાર્ટીની અંદર ઘેરાઈ ગયા છે. ધારાસભ્યોના બળવા વચ્ચે તેમણે હાથ ઊંચા કરી દીધા હતા. ધારાસભ્યો સામે બળવા વચ્ચે હાથ ઊંચા કર્યા. આ પછી પાર્ટીની અંદરથી જ તેમના પર હુમલા શરૂ થઈ ગયા છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, અશોક ગેહલોત કોંગ્રેસ પ્રમુખ પદની રેસમાંથી બહાર થઈ ગયા છે. છત્તીસગઢના આરોગ્ય મંત્રી ટીએસ સિંહદેવે તેમના પર આકરા પ્રહારો કર્યા છે. સિંહદેવે કહ્યું કે, જે વ્યક્તિ પોતાના ધારાસભ્યોને નથી સંભાળી શકતી તે દેશમાં કોંગ્રેસને કેવી રીતે સંભાળશે?છત્તીસગઢના આરોગ્ય મંત્રી ટીએસ સિંહદેવે કહ્યું કે, જે વ્યક્તિ પોતાના ધારાસભ્યોને સંભાળી શકતો નથી, તે કોંગ્રેસને કેવી રીતે સંભાળશે? જો તેમના રાજયના ધારાસભ્યોએ તેમની વાત ન સાંભળે તો કોંગ્રેસ અધ્યક્ષ તરીકે પાર્ટીના નેતાઓ તેમની વાત કેવી રીતે સાંભળશે? તેમણે એમ પણ કહ્યું કે, તેમના સમર્થક ધારાસભ્યોએ કોંગ્રેસ પાર્ટી દ્વારા બોલાવવામાં આવેલી બેઠકની સમાંતર બેઠક યોજી છે. આના પર ગેહલોત કહે છે કે મને જાણકારી નથી.

ટીએસ સિંહદેવે કહ્યું કે, ગેહલોતની ક્ષમતા પર આ મોટો સવાલ છે. મને પહેલા તેમના માટે ઘણું માન હતું. તેઓ ગાંધી પરિવારની પણ નજીક હતા. તાજેતરની ઘટના જોયા પછી મારા મનમાં તેમના વિશે અનેક સવાલો ઉઠી રહ્યા છે. રાજસ્થાનમાં સ્થિતિને કાબૂમાં લેવામાં તેઓ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, ટીએસ સિંહદેવ છત્તીસગઢ કોંગ્રેસના મજબૂત નેતા છે. તેઓ રાજયના આરોગ્ય મંત્રી છે. ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી બાદ તેઓ ઝસ પદની રેસમાં પણ હતા. કહેવાય છે કે, અઢી વર્ષથી હાઈકમાન્ડમાં ફોર્મ્યુલા આપવામાં આવી હતી. અઢી વર્ષ પૂરા થવા પર ટીએસ સિંહદેવે પોતાનો દાવો રજૂ કર્યો હતો. જો કે, તેની સાથે કંઈ થયું નથી.

## હવે કેનેડાએ જાહેર કરી એડવાઈઝરી, ગુજરાત-રાજસ્થાન સહિત આ રાજયોમાં ન જવાની સલાહ આપી

નવીદિલ્હી,તા.૨૮

કેનેડાએ ભારતમાં મુસાફરી કરી રહેલા તેના નાગરિકોને પંજાબ, રાજસ્થાન અને ગુજરાત જેવા સરહદી રાજ્યોમાં ન જવાની સલાહ આપી છે. કેનેડાની સરકારે કહ્યું છે કે, આ વિસ્તારોમાં ભૂગર્ભ વિસ્ફોટકો અને સુરક્ષાનું જોખમ છે. કેનેડાએ તેના નાગરિકોને જાહેર કરેલી એડવાઈઝરીમાં કહ્યું છે કે, પાકિસ્તાનની સરહદથી ૧૦ કિલોમીટર સુધીના વિસ્તારોમાં ન જાવ. ગુજરાત, રાજસ્થાન અને પંજાબના આ વિસ્તારો લેન્ડમાઈન અને વિસ્ફોટકો માટે સંવેદનશીલ છે. અહીં સુરક્ષા માટે ગંભીર ખતરો હોઈ શકે છે. કેનેડાની આ સલાહ ચોંકાવનારી છે.

કેનેડામાં નફરતના અપરાધની સંભાવનાને લઈને સરકાર દ્વારા ભારતીયોને આપવામાં આવેલી સલાહના જવાબમાં આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે. તેથી કેનેડા સરકારના નિર્ણય પર સવાલો ઉઠી રહ્યા છે. કેનેડા સરકારે ૨૭ સપ્ટેમ્બરે તેની વેબસાઈટ પર જારી કરેલી એડવાઈઝરીમાં કહ્યું છે કે, ભારતની મુલાકાત વખતે તેઓએ સમગ્ર દેશમાં સાવચેતીપૂર્વક મુસાફરી કરવી જોઈએ. કેનેડાએ પોતાની એડવાઈઝરીમાં કહ્યું છે કે, ભારતના દરેક વિસ્તારમાં આતંકવાદી હુમલાનો ખતરો છે. જોકે લદ્દાખને તેમાંથી બહાર રાખવામાં આવ્યું છે.

મહત્વનું છે કે, કેનેડાએ તેના નાગરિકોને જરૂર સિવાય મણિપુર અને આસામ જેવા પૂર્વોત્તર રાજયોમાં મુસાફરી ન કરવાની સલાહ આપી છે. કેનેડાએ કહ્યું કે, આ બંને રાજ્યોમાં આતંકવાદ અને વિદ્રોહી હુમલાનું જોખમ છે. હકીકતમાં ૨૩ સપ્ટેમ્બરે જ ભારત સરકારે કેનેડામાં રહેતા તેના નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે એક એડવાઈઝરી જાહેર કરી હતી અને નફરત અપરાધ અને ભારત વિરોધી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને સાવચેત રહેવાની સલાહ આપી હતી. એવું માનવામાં આવે છે કે, આ એડવાઈઝરી બાદ કેનેડાએ તેના જવાબમાં આ આદેશ જાહેર કર્યો છે.

## કેન્દ્ર સરકારે પીએફઆઈ અને સહયોગી સંગઠનોને ગેરકાયદેસર સંસ્થા જાહેર કરી, ૫ વર્ષનો પ્રતિબંધ મુકી દીધો

### ગુપ્ત એજન્ડા હેઠળ સમાજના એક વર્ગને કટ્ટર બનાવીને લોકતંત્રની અવધારણાને નબળી કરવાની દિશામાં કામ કરે છે : કેન્દ્ર

નવીદિલ્હી,તા.૨૮

કેન્દ્રની મોદી સરકારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) પર પ્રતિબંધ મૂકી દીધો છે. પીએફઆઈ પર પ્રતિબંધ મૂકવાની અનેક રાજ્યોએ માંગણી કરી હતી. હાલમાં જ એનઆઈએ અને તમામ રાજ્યોની પોલીસ અને એજન્સીઓએ પીએફઆઈના ઠેકાણાઓ પર દરોડા પાડીને સેંકડો ધરપકડ કરી હતી. ગૃહ મંત્રાલયે પીએફઆઈને ૫ વર્ષ માટે પ્રતિબંધિત સંગઠન જાહેર કર્યું છે. પીએફઆઈ ઉપરાંત ૮ સહયોગી સંગઠનો ઉપર પણ કાર્યવાહી કરી છે.

પીઆઈએફ ઉપરાંત રિહેબ ઈન્ડિયા ફાઉન્ડેશન, કેમ્પસ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા ,ઓલ ઈન્ડિયા ઈમામ કાઉન્સિલ ,નેશનલ કોન્ફેડરેશન ઓફ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન,નેશનલ વીમેન ફ્રન્ટ, જૂનિયર ફ્રન્ટ, એમ્પાવર ઈન્ડિયા ફાઉન્ડેશન અને રિહેબ ફાઉન્ડેશન (કેરળ) જેવા સહયોગી સંગઠનો ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

૨૨ સપ્ટેમ્બર અને ૨૭ સપ્ટમ્બરના રોજ એનઆઈએ,ઈડી અને રાજ્યોની પોલીસે પીઆઈએફ પર તાબડતોડ દરોડાની કાર્યવાહી કરી હતી. પહેલા રાઉન્ડની કાર્યવાહીમાં પીએફઆઈ સંલગ્ન ૧૦૬ લોકોની ધરપકડ થઈ હતી. બીજા રાઉન્ડની કાર્યવાહીમાં પીઆઈએફ સંલગ્ન ૨૪૭ લોકોની ધરપકડ કે અટકાયત કરવામાં આવી. તપાસ એજન્સીઓને પીઆઈએફ વિરુદ્ધ પૂરતા પુરાવા મળયા. ત્યારબાદ તપાસ એજન્સીઓએ ગૃહ મંત્રાલય પાસે કાર્યવાહીની માંગણી કરી હતી. તપાસ એજન્સીઓની ભલામણ પર ગૃહ મંત્રાલયે પીએફઆઈ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.



જે મામલાઓમાં પીએફઆઈની ભૂમિકાની તપાસ હતી તેમાં પટણા-ફૂલવારી શરીફમાં ગઝવાએ હિન્દ સ્થાપિત ક રવા માટે મોટું ષડયંત્ર રચાઈ રહ્યું હતું. જેમાં ૢૈછ એ હાલમાં દરોડો પણ પાડ્યો હતો.,તેલંગણા નિઝામાબાદમાં કરાટે ટ્રેનિંગના નામ પર ઁપીઆઈએફ હથિયાર ચલાવવાની ટ્રેનિંગ આપી રહ્યું છે. એનઆઈએઆ મામલે પણ દરોડા પાડી ચૂકી છે. કર્ણાટક પ્રવીણ નેત્તરુ હત્યા મામલે પીઆઈએફ ના ફંડિંગની ભૂમિકા ઉપર પણ તપાસ થઈ હતી. નાગરિકતા કાયદાને લઈને ઉત્તર પ્રદેશમાં હિંસા થઈ જેમાં ઁપીઆઈએફ સંલગ્ન આરોપીઓના ત્યાંથી આપત્તિજનક સામગ્રીઓ, સાહિત્ય સીડીઓ મળી હતી જેને આધાર બનાવીને પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા નામના સંગઠનને બેન કરવાનો પ્રસ્તાવ યુપી સરકારે મોકલ્યો હતો.

પીએફઆઈ હાલ દિલ્હી, આંધ્ર પ્રેદશ, આસામ, બિહાર, કેરળ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, રાજસ્થાન, હરિયાણા, તમિલનાડુ, તેલંગાણા, મધ્ય પ્રદેશમાં એક્ટિવ છે. ગૃહ મંત્રાલયે નોટિફિકેશન બહાર પાડીને કહ્યું કે પીએફઆઈ અને તેમના સહયોગી સંગઠન ગુપ્ત એજન્ડા હેઠળ સમાજના એક વર્ગને કટ્ટર બનાવીને લોકતંત્રની અવધારણાને નબળી કરવાની દિશામાં કામ કરે છે અને દેશના બંધારણીય ઓથોરિટી અને બંધારણીય માળખા પ્રત્યે ઘોર અનાદર દાખવે છે. - પીએફઆઈ અને તેના સહયોગી સંગઠન કાયદા વિરુદ્ધ ગતિવિધિઓમાં સંડોવાયેલા રહ્યા છે. જે દેશની અખંડિતતા, સંપ્રભુતા અને સુરક્ષા સામે ખતરો છે અને તેનાથી શાંતિ અને સાંપ્રદાયિકતા સદભાવનો માહોલ ખરાબ થવા અને દેશમાં ઉગ્રવાદને પ્રોત્સાહન મળવાની આશંકા છે.

પીએફઆઈ સંપૂર્ણ રીતે સંગઠિત સંસ્થા છે. તેના મૂળ આંતરરાષ્ટ્રીય સ્તર સુધી ફેલાયેલા છે. આ સંસ્થામાં આંતરિક અને બાહ્ય સંસ્થાઓ છે. બંનેનું કામ સામાજિક સમરસતા નષ્ટ કરવાનું છે.પીએફઆઈના પ્રમુખ ઓએમએ સલામ છે અને ઉપપ્રમુખ ઈએમ અબ્દુલ રહીમાન છે. અનીસ અહેમદ આ સંગઠનના જનરલ સેક્રેટરી છે. આ સિવાય ત્રણ સચિવ વીપી નસરુદ્દીન, અફસર પાશા અને મોહમ્મદ શકીફ છે. આ કોર કમિટી સિવાય સાત નેશનલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (દ્વઈઝ)ના ઘણાં સભ્યો છે. આ સભ્યો સંસ્થાના કાર્યસૂચિના અમલીકરણની જવાબદારી સંભાળે છે.

આ વિવાદાસ્પદ સંસ્થા આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરે છે. શરફુદીન પજેહારી સાઉદી અરેબિયામાં સંસ્થા ચલાવે છે. તેનું નેતૃત્વ ત્રણ મુખ્ય સભ્યો કરે છે. તેવી જ રીતે યુએઈમાં પીએફઆઈએ નૌશાદ બદરુદ્દીનને ચીફ બનાવવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# કોંગ્રેસમાં ખેંચતાણ




રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સમર્થક ધારાસભ્યોના બળવો કોંગ્રેસ નેતૃત્વની અને વિશેષ રૂપે ગાંધી પરિવારની જ ફજેતી નથી કરી, બલ્કે એ પ્રશ્ન પણ ઊભો કર્યો કે શું રાજસ્થાન પણ પંજાબના રસ્તે જવાનું છે? એનાથી વિચિત્ર બીજું કશું નથી કે અશોક ગેહલોત જે ગાંધી પરિવારના સૌથી વિશ્વાસપાત્ર ગણાવાતા હતા, તેમણે જ તેની ઈચ્છા વિરુદ્ઘ કામ કરીને તેના માટે નીચાજોણું કર્યું. આશ્ચર્ય નહીં કે ત્યારબાદ તેમનું કોંગ્રેસ અધ્યક્ષ બનવું મુશ્કેલ થઈ જાય, કારણ કે આ પહેલી વાર છે, જ્યારે ગાંધી પરિવારની ઈચ્છા વિરુદ્ઘ કોઈ કોંગ્રેસી મુખ્યમંત્રીએ આવો ખુલ્લો બળવો કર્યો હોય. એ રાજસ્થાન ગયેલા કોંગ્રેસના પર્યવેક્ષકોના એ કથનથી સ્પષ્ટ પણ થાય છે કે ગેહલોત સમર્થક ધારાસભ્યો દ્વારા સમાનાંતર બેઠક કરવી અનુશાસન-હીનતા છે. યાદ રહે કે આ જ બેઠકમાં ગેહલોત સમર્થક ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષે પોતાનાં રાજીનામાં આપ્યાં. એ સંભવ નહીં કે આ પહેલ અશોક ગેહલોતની ઈચ્છાથી વિપરીત થઈ હોય. તેમાં શંકા છે કે કોંગ્રેસ નેતૃત્વ આ અનુશાસનહીનતા વિરુદ્ઘ કોઈ ઠોસ કાર્યવાહી કરી શકશે, કારણ કે તેનાથી રાજસ્થાન કોંગ્રેસમાં તિરાડ પડવાની પ્રક્રિયા વધુ તેજ થઈ શકે છે.

હાલમાં કહેવું મુશ્કેલ છે કે બદલાયેલી સ્થિતિમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત જ ચાલુ રહેશે કે પછી તેમની પસંદના કોઈ નેતા બનશે, પરંતુ એટલું તો છે જ કે સચિન પાયલટનો સાથ આપનારા ધારાસભ્યોની સંખ્યા બહુ ઓછી છે. તેમની પાસે એટલા ધારાસભ્ય પણ નથી દેખાતા જ્યારે તેમણે ગેહલોત સામે બળવો કર્યો હતો. જોકે તેમના સમર્થક ધારાસભ્યોની સંખ્યા જ પર્યાપ્ત નથી, તેથી ગાંધી પરિવારના ઈચ્છવા છતાં પણ તેમનું મુખ્યમંત્રી બનવું મુશ્કેલ છે. અશોક ગેહલોતના તેવરોએ સચિન પાયલટના મુખ્યમંત્રી બનવાનાં સપનાં પર પાણી ફેરવવાની સાથે ગાંધી પરિવારની પણ પરેશાની વધારી દીધી છે.

હવે તેઓ તેમને પાર્ટીના ભાવિ અધ્યક્ષરૂપે કદાચ જ સ્વીકાર કરવા માંગશે. અશોક ગેહલોતે પોતાના સમર્થ ધારાસભ્યો પાસે જે ખેલ કરાવ્યો, તેનાથી એ જ ખબર પડે છે કે તેઓ કાં તો પોતાની પસંદના ઉત્તરાધિકારી ઈચ્છી રહ્યા હતા કે પછી મુખ્યમંત્રી પદ છોડવા જ નહોતા માંગતા.

કદાચ એટલે જ તેઓ એ સારી રીતે સમજી રહ્યા હતા કે તેમણે અધ્યક્ષ રૂપે એ જ કરવું પડશે, જે ગાંધી પરિવાર ઈચ્છશે. તેમણે એ વાતને સારી રીતે ઉજાગર કરી દીધી કે ગાંધી પરિવાર એક કઠપૂતળી અધ્યક્ષ ઈચ્છતા હતા. કોંગ્રેસ નેતૃત્વ આગળ જે પણ નિર્ણય લે, રાજસ્થાનની ખેંચતાણે એક એવા સમયે તેમની ફજેતી કરાવી, જ્યારે તે એના પર ભાર મૂકી રહ્યું છે કે ભારત જોડો યાત્રા ચર્ચાના કેન્દ્રબિંદુમાં રહે. આ પહેલાં તેની આવી જ હાંસી થઈ હતી, જ્યારે આ યાત્રા વચ્ચે જ ગોવામાં આઠ કોંગ્રેસીઓ પાટલી બદલીને ભાજપમાં ભળી ગયા હતા.

# ગીતામાં વર્ણવેલ..માનસિક વાચિક અને શારીરિક તપ



ગીતામાં મન-વાણી અને શરીરનાં તપનું વર્ણન આવે છે.શારીરિક તપનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે "દેવતા,બ્રાહ્મણ,ગુરૂજન અને જીવન્મુક્ત મહાપુરૂષોનું પૂજન કરવું,શુધ્ધિ રાખવી,સરળતા, બ્રહ્મચર્યનું પાલન કરવું અને હિંસા ન કરવી..આ શરીર સબંધી તપ કહેવામાં આવે છે."(ગીતાઃ૧૭/૧૪)

જે પોતાના ઈષ્ટ છે જેના પર અધિક શ્રધ્ધા છે તેમનું નિષ્કામભાવે પૂજન કરવું જોઈએ.જેમના દ્વારા આપણને શિક્ષણ પ્રાપ્ત થાય છે એવા આપણા માતા-પિતા,વડીલો અને વૃધ્ધો,કૂળના આચાર્ય, ભણાવવાવાળા આચાર્ય (અધ્યાપક) અને આશ્રમ,અવસ્થા,વિધા..વગેરેમાં આપણાથી જે મોટા છે તે બધાને ગુરૂ શબ્દ અંતર્ગત સમજવા જોઈએ.તેમની આજ્ઞાનું પાલન કરવું,તેઓની સેવા કરવી અને તેઓની પ્રસન્નતા પ્રાપ્ત કરવી તે જ તેમનું પૂજન છે.તત્વજ્ઞ જીવનમુક્ત મહાપુરૂષોનાં વચનોનો,સિધ્ધાંતોનો આદર કરતા રહીને તેના અનુસાર પોતાનું જીવન બનાવવું એ જ વાસ્તવમાં તેમનું પૂજન છે.

જળ,મૃતિકા..વગેરેથી શરીરને પવિત્ર બનાવવાનું નામ શૌચ છે.શારીરિક શુધ્ધિથી અંતઃકરણની શુધ્ધિ થાય છે.વિદ્વાન લોકો શરીરને સ્થાન(માતાના ઉદરમાં સ્થિત), બીજ(માતાના રજ અને પિતાના વિર્યથી ઉદભૂત), ઉદસ્ટંભ(ખાધા પિધેલા આહારના રસથી પરીપુષ્ટ, નિઃસ્યંદ (મળ-મૂત્ર-લાળ-પરસેવો..વગેરે સ્ત્રાવથી યુક્ત), નિધન(મરણધર્મા) અને આધેય શૌચ(જળ-મૃતિકા..વગેરેથી પ્રક્ષાલિત કરવા યોગ્યં) - હોવાના કારણે અપવિત્ર માને છે."(યોગદર્શનઃ૨/૫)

શરીરમાં ગર્વ ઘમંડનો ત્યાગ કરીને ઉઠવા બેસવા..વગેરે શારીરિક ક્રિયાઓને સીધી સરળતાથી કરવાનું નામ "આર્જવ" છે. અભિમાન વધારે હોવાથી જ શરીરમાં ઉધ્ધતાઈ આવે છે.આથી જેને પોતાનું કલ્યાણ કરવું છે તેમને પોતાનામાં અભિમાન રાખવું જોઈએ નહી.

આઠ ક્રિયાઓ બ્રહ્મચર્યનો ભંગ કરવાવાળી છે.પહેલાં કયારેય સ્ત્રીસંગ કર્યો હોય તેને યાદ કરવો, સ્ત્રીઓ સાથે રાગપૂર્વક વાતો કરવી, સ્ત્રીઓની સાથે ઠઠ્ઠા મશ્કરી કરવી, સ્ત્રીઓની તરફ રાગપૂર્વક જોવું, સ્ત્રીઓની સાથે એકાંતમાં વાતો કરવી, મનમાં સ્ત્રીસંગનો સંકલ્પ કરવો અને સાક્ષાત સ્ત્રીસંગ કરવો.. આ આઠ પ્રકારના મૈથુન વિદ્વાનોએ બતાવ્યા છે.

બ્રહ્મચારી,વાનપ્રસ્થ અને સંન્યાસી..આ ત્રણેનો તો બિલ્કુલ વિર્યપાત થવો જોઈએ નહી. ગૃહસ્થ ફક્ત સંતાનાર્થે શાસ્ત્ર વિધિ અનુસાર ઋતુકાળમાં સ્ત્રીસંગ કરે તો તે ગૃહસ્થાશ્રમમાં રહેતો હોવા છતાં પણ બ્રહ્મચારી માનવામાં આવે છે.જે સ્ત્રી પતિની હયાતીમાં પાતિવ્રત ધર્મનું પાલન કરે છે અને પતિના મૃત્યુ બાદ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે છે તે વિધવાની બાળ બ્રહ્મચારી જેવી ગતિ થાય છે.બ્રહ્મચારીના વ્રતમાં સ્થિર રહેવું એ જ બ્રહ્મચર્ય છે.(ગીતાઃ૬/૧૪) પરંતુ તેમાં પણ જો સ્વપ્નદોષ થઈ જાય અથવા પ્રમેહ વગેરે શરીરની ખરાબીથી વિર્યપાત થઈ જાય તો તેને બ્રહ્મચર્ય ભંગ માનવામાં આવતું નથી. અંતરના ભાવોમાં ગરબડ થવાથી જે વિર્યપાત થાય છે તેને જ બ્રહ્મચર્યભંગ માનવામાં આવે છે કારણ કે બ્રહ્મચર્યનો ભાવોની સાથે સબંધ હોય છે એટલા માટે બ્રહ્મચર્યનું પાલન કરવાવાળાએ પોતાના ભાવો શુધ્ધ રાખવા માટે તેમને પોતાના મનને પરસ્ત્રી તરફ કદી જવા ન દેવું.સાવધાની રાખવા છતાં મન ચાલ્યું જાય તો અંતરમાં એવો દ્દઢ વિચાર રાખવો કે આ કામ મારૂ નથી.હું એવું કામ કરીશ નહી કેમકે મારો બ્રહ્મચર્ય પાલન કરવાનો પાકો વિચાર છે.હું એવું કામ કેવી રીતે કરી શકું?બધી જાતની હિંસાનો અભાવ અહિંસા છે.હિંસા સ્વાર્થ ક્રોધ લોભ અને મોહ(મૂઢતા)ના લીધે જ થાય છે.જેવી રીતે પોતાના સ્વાર્થમાં આવીને કોઈનું ધન દબાવી લીધું,બીજાઓનું નુકશાન કરાવી દીધું આ સ્વાર્થના લીધેની હિંસા છે.ક્રોધમાં આવીને કોઈને થોડો ફટકો માર્યો અથવા ખતમ જ કરી દીધો..આ ક્રોધને લીધેની હિંસા છે.ચામડું તથા માંસ મળશે એના માટે કોઈ પશુને મારી નાખ્યું અથવા ધનના કારણે કોઈને મારી નાખ્યો..આ લોભને લીધેની હિંસા છે.રસ્તા ઉપર ચાલતાં ચાલતાં કોઈ કૂતરાને લાકડી મારી દીધી, વૃક્ષની ડાળી તોડી દીધી, કોઈ ઘાસને તોડી નાખ્યું, કોઈને ઠોકર મારી દીધી તો તેમાં ક્રોધ કે લોભ તથા કંઈ મળવાની સંભાવના પણ હોતી નથી..આ મોહ(મૂઢતા)ના લીધેની હિંસા છે.અહિંસામાં આ બધી જ પ્રકારની હિંસાનો અભાવ હોય છે.

"ઉદ્વેગ ન કરવાવાળું,સત્ય,પ્રિય,હિતકારક ભાષણ તથા સ્વાધ્યાય અને અભ્યાસ કરવો..આ વાણી સબંધી તપ કહેવામાં આવે છે."(ગીતાઃ૧૭/૧૫) જે વાક્ય વર્તમાનમાં તથા ભવિષ્યમાં કદી કોઈને પણ ઉદ્વેગ,વિક્ષેપ અને ક્ષોભ પેદા કરવાવાળું ના હોય તે વાક્ય "અનુદ્વેગકર" કહેવામાં આવે છે.જેવું વાંચ્યું,સાંભળ્યું, દેખ્યું અને નિશ્ચય કરવામાં આવ્યો હોય તેને તેવું ને તેવું પોતાના સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને બીજાઓને સમજાવવા માટે કહી દેવું એ "સત્ય" છે.મનુષ્યએ સત્ય અને પ્રિય બોલવું જોઈએ, તેમાં પણ સત્ય હોય પરંતુ અપ્રિય ન હોય અને પ્રિય હોય પરંતુ અસત્ય ના હોય આ જ સનાતન ધર્મ છે.(મનુસ્મૃતિઃ૪/૧૩૮)

જે ક્રૂરતા લૂખાપણું તીખાપણું મહેંણું નિંદા-ચુંગલી અને અપમાનજનક શબ?દોથી રહિત હોય અને જે પ્રેમયુક્ત મીઠાં સરળ અને શાંત વચનોથી કહેવામાં આવે તે વાક્ય "પ્રિય" કહેવાય છે. જે હિંસા દાહ દ્વેષ વૈર વગેરેથી રહિત હોય અને પ્રેમ દયા ક્ષમા ઉદારતા મંગળ વગેરેથી ભરેલું હોય તથા જે વર્તમાનમાં અને ભવિષ્યમાં પણ પોતાનું અને બીજા કોઈનું અનિષ્ટ કરવાવાળું ના હોય તે વાક્ય "હિત" (હિતકારી) કહેવાય છે.

પારમાર્થિક ઉન્નતિમાં સહાયક ગીતા રામાયણ ભાગવત વગેરે ગ્રંથોને પોતે ભણવા અને બીજાઓને ભણાવવા,ભગવાન તથા ભક્તોનાં ચરીત્રોને વાંચવાં વગેરે "સ્વાધ્યાય" છે.બીજાઓની નિંદા ન કરવી, બીજાઓના દોષોને ન કહેવા,વૃથા બકવાસ ના કરવો એટલે જેનાથી પોતાનું તથા બીજાઓનું કોઈ લૌકિક કે પારમાર્થિક સાધનમાં વિઘ્ન નાખવાવાળા પુસ્તકો ન વાંચવા એટલે કે જેમનાથી કામ ક્રોધ લોભ મોહ વગેરેને સહાય મળે એવાં પૂસ્તકો ન વાંચવાં.ઉપરોક્ત બધાં જ લક્ષણો જેમાં હોય છે તે વાણીથી થવાવાળું તપ છે.

મનની પ્રસન્નતા, સૌમ્યભાવ, મનનશીલતા, મનનો નિગ્રહ અને ભાવોની શુધ્ધિ..આ મન સબંધી તપ કહેવામાં આવે છે.(ગીતાઃ૧૭/૧૬) વસ્તુ સ્થળ કાળ પરિસ્થિતિ ઘટના વગેરેના સંયોગથી પેદા થવાવાળી પ્રસન્નતા સ્થાઈરૂપથી હર હંમેશાં રહી શકતી નથી કેમ કે જેની ઉત્પત્તિ થાય છે તે વસ્તુ સ્થાયી રહેવાવાળી હોતી નથી પરંતુ દુર્ગુણ દુરાચારોથી સબંધ વિચ્છેદ થતાં જે સ્થાયી રહેવાવાળી તથા સ્વાભાવિક પ્રસન્નતા મન-બુધ્ધિ વગેરેમાં આવે છે જેનાથી મનમાં ક્યારેય અશાંતિ થતી નથી એટલે કે મન હર હંમેશાં પ્રસન્ન રહે છે. જ્યારે મનુષ્ય ધન સંપત્તિ સ્ત્રી-પૂત્ર વગેરે નાશવાન ચીજોનો સહારો લે છે તે બધી ચીજો આવવા જવાવાળી છે,સ્થાયી રહેવાવાળી નથી આથી તેમના સંયોગ વિયોગથી તેના મનમાં અશાંતિ-ક્ષોભ થાય છે. જો આપણે ન રહેવાવાળી ચીજોનો સહારો છોડીને નિત્ય નિરંતર રહેવાવાળા પ્રભુ પરમાત્માનો સહારો લઈ લઈએ તો પછી પદાર્થ વ્યક્તિ વગેરેના સંયોગ વિયોગના લીધે મનમાં ક્યારેય અશાંતિ ક્ષોભ થતો નથી.

મનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના ઉપાયઃ સાંસારીક વસ્તુ વ્યક્તિ પરિસ્થિતિ સ્થળ કાળ ઘટના વગેરેના લીધે મનમાં રાગ અને દ્વેષ પેદા ન થવા દેવા..પોતાના સ્વાર્થ અભિમાનના લીધે કોઈ પક્ષપાત ન કરવો..મનને સદાય દયા ક્ષમા ઉદારતા વગેરે ભાવોથી પરિપૂર્ણ રાખવું.. જે શરીરના માટે હિતકર તેમજ નિયમિત ભોજન કરવાવાળો છે, સદા એકાંતમાં રહેવાના સ્વભાવવાળો છે, કોઈકના પુછવાથી ક્યારેક કોઈ હિતની વાત કહી દે છે એટલે કે ખૂબ જ ઓછી માત્રામાં બોલે છે, જે સૂવાનું ફરવાનું બધું ઓછું કરવાવાળો છે..આ રીતે શાસ્ત્રની મર્યાદા અનુસાર ખાન-પાન-વિહાર વગેરેનું સેવન કરવાવાળો છે તે ખુબ જ જલ્દીથી ચિત્તની પ્રસન્નતાને પ્રાપ્ત થઈ જાય છે.આ ઉપાયોથી મન હંમેશાં પ્રસન્ન રહે છે.હ્રદયમાં હિંસા ક્રૂરતા કુટિલતા અસહિષ્ણુતા વગેરે ભાવોના રહેવાથી તેમજ ભગવાનના ગુણ પ્રભાવ દયાળુતા સર્વવ્યાપકતા વગેરે પર અટલ વિશ્વાસ હોવાથી મનમાં સ્વાભાવિક જ "સૌમ્યભાવ" રહે છે,પછી તેને કોઈ વક્ર વચન કહી દે, તેનો તિરસ્કાર કરી દે, તેના પર વિના કારણ દોષારોપણ કરે, તેની સાથે કોઈ વૈર દ્વેષ રાખે અથવા તેનાં ધન માન મહિમા વગેરેની હાની પહોચાડે તો પણ તેના સૌમ્યભાવમાં કંઈપણ ફરક પડતો નથી.

અનુકૂળતા-પ્રતિકૂળતા,સંયોગ-વિયોગ,રાગ-દ્વેષ, સુખ-દુઃખ..વગેરે દ્રંન્દ્રોના લીધે મનમાં ક્ષોભ ના થવો એ જ વાસ્તવમાં "મૌન" છે.મન બિલ્કુલ એકાગ્ર થઈ જાય અને તૈલધારાવત એક જ ચિંતન કરતું રહે, તેને પણ મનનો નિગ્રહ કહેવામાં આવે છે પરંતુ મનનો સાચો નિગ્રહ એ જ છે કે મન વશમાં રહે એટલે કે મનને જ્યાંથી હટાવવા ઈચ્છે ત્યાંથી હટી જાય અને જયાં જેટલો સમય લગાડવા ઈચ્છે ત્યાં એટલો સમય લાગેલું રહે.તાત્પર્ય એ છે કે મનને વશીભૂત થઈને કામ ના કરવું પરંતુ મન જ વશીભૂત થઈને કામ કરતું રહે, આ રીતે મનનું વશીભૂત થવું એ જ "આત્મવિનિગ્રહ" છે.આ રીતે જે તપમાં મનની પ્રધાનતા હોય છે તે માનસ (મન સબંધી) તપ કહેવાય છે.

પરમ શ્રધ્ધાથી યુક્ત ફળેચ્છા રહિત મનુષ્યોના દ્વારા જે ત્રણ પ્રકાર(શરીર-વાણી અને મન)નાં તપ કરવામાં આવે છે તેને સાત્વિક તપ કહેવાય છે.(ગીતાઃ૧૭/૧૭) શરીર-વાણી અને મનના દ્વારા જે તપ કરવામાં આવે છે તે તપ જ મનુષ્યનું સર્વશ્રેષ્ઠ. કર્તવ્ય છે અને માનવજીવનના ઉદેશ્યની પૂર્તિનો અચૂક ઉપાય છે તથા તેને સાંગોપાંગ સારી રીતે કરતા મનુષ્યને માટે કંઈ કરવાનું બાકી રહેતું નથી એટલે કે જે વાસ્તમવિક તત્વ છે તેમાં આપો આપ સ્થિત થઈ જાય છે એવા અટલ વિશ્વાસપૂર્વક શ્રેષ્ઠ શ્રદ્ધા કરીને મોટાં મોટાં વિઘ્નો અને બાધાઓની સહેજપણ દરકાર કર્યા વિના ઉત્સાહ અને આદરપૂર્વક તપનું આચરણ કરવું જોઈએ.

જે તપ સત્કાર,માન અને પૂજાના માટે તથા દેખાડાના ભાવથી કરવામાં આવે છે તે આ લોકમાં અનિશ્ચિંત અને નાશવાન ફળ આપવાવાળું તપ રાજસ કહેવામાં આવે છે.(ગીતાઃ૧૭/૧૮) રાજસ મનુષ્ય સત્કાર-માન અને પૂજાના માટે જ તપ કર્યા કરે છે જેમકે અમે જયાં કંઈ જઈશું ત્યાંમ અમોને તપસ્વી સમજીને લોકો અમારા સ્વાાગત માટે સામે આવશે,ગામ આખામાં અમારી સવારી(ઝુલુસ) કાઢશે,અમોને બેસવાનું આસન આપશે,અમારા નામનો જયઘોષ કરશે,અમારી સાથે મધુર વચનો બોલશે,અમોને અભિનંદન પત્ર આપશે,અમારો સત્કાર કરશે.લોકો હ્રદયથી અમોને શ્રેષ્ઠ માનશે કે આ બહુ સંયમી સત્યવાદી અહિંસક સજ્જન છે,તેઓ સામાન્ય મનુષ્યની અપેક્ષાએ અમારામાં વિશેષ ભાવ રાખશે.હ્રદયના ભાવોથી લોકો અમારૂ માન કરશે.જીવતાં જીવ લોકો અમારા ચરણ ધોશે.અમારા મસ્તેક ઉપર ફુલ ચઢાવશે અને મર્યા બાદ અમારી વૈકુઠી કાઢશે,અમારૂ સ્મામરક બનાવશે અને લોકો તેના ઉપર શ્રદ્ધાભક્તિથી પત્ર,પુષ્પ,ચંદન,વસ્ત્ર,જળ..વગેરે ચઢાવશે.અમારા સ્મારકની પરિક્રમા કરશે..વગેરે વગેરે

અંતઃકરણથી તપ પર શ્રદ્ધા અને ભાવ ન હોવા છતાં પણ બહારથી ફક્ત લોકોને દેખાડવા માટે આસન લગાવીને બેસી જવું,માળા ફેરવવા લાગી જવું,દેવતા..વગેરેનું પૂજન કરવા લાગી જવું,સીધા સરળ ચાલવું,હિંસા ન કરવી..વગેરે દેખાડાના ભાવથી કરવામાં આવે છે તેથી તેના ભાવ શુધ્ધ થતા નથી,આથી રાજસ મનુષ્ય ત્રણ પ્રકારનાં તપ સાંગોપાંગ કરી શકતા નથી.

જે તપ મૂઢતાપૂર્વક હઠથી પોતાને પીડા આપીને અથવા બીજાઓને કષ્ટ આપવાને માટે કરવામાં આવે છે તે તામસ કહેવામાં આવ્યું છે.(ગીતાઃ૧૭/૧૯) તામસ તપમાં મૂઢતાપૂર્વક આગ્રહ હોવાથી પોતાની જાતને પીડા આપીને તપ કરવામાં આવે છે.જેમાં શરીર અને મનને કષ્ટ થાય તેને જ તેઓ તપ માને છે અથવા તેઓ બીજાઓને દુઃખ દેવા માટે તપ કરે છે.આથી એવા ઉદેશ્યથી કરવામાં આવેલ તપ તામસ કહેવાય છે.સાત્વિક મનુષ્ય ફળની ઈચ્છા ન રાખીને પરમશ્રદ્ધાથી તપ કરે છે એટલા માટે તે જ મનુષ્ય કહેવડાવવાને લાયક છે.રાજસ મનુષ્ય સત્કાર માન પૂજા તથા દંભના માટે તપ કરે છે એટલા માટે તે મનુષ્ય કહેવડાવવાને લાયક નથી કેમકે સત્કાર માન વગેરે તો પશુ પક્ષીઓને પણ પ્રિય લાગે છે અને તે બિચારાં દંભ પણ કરતાં નથી ! તામસ મનુષ્યો તો પશુઓથી પણ નીચા છે કેમકે પશુ પંખી પોતે દુઃખ પામીને બીજાઓને સુખ પહોચાડે છે પરંતુ આ તામસ મનુષ્ય તો પોતે દુઃખ પામીને બીજાને પણ દુઃખ પહોચાડે છે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ગુજરાતના નવનિર્માણ આંદોલનની જેમ ઇરાનમાં હિજાબ ક્રાંતિની આગ પ્રમુખ રઇસીને દઝાડશે?

મહિલાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હિજાબની શરૂઆત કરવામાં આવી હતી. તેનો સૌપ્રથમ ઉપયોગ મેસોપોટેમીયન સંસ્કૃતિના લોકો દ્વારા કરવામાં આવ્યો હતો. એવું માનવામાં આવે છે કે શરૂઆતમાં લોકો તેને સૂર્યપ્રકાશ, વરસાદ અને ધૂળ વગેરેથી બચવા માટે પહેરતા હતા. ૧૩મી સદીના એસીરિયન શિલાલેખમાં પણ ઉલ્લેખ છે કે સ્ત્રીઓ, પુત્રીઓ અને વિધવાઓએ હિજાબ પહેરવાનું છે. પરંતુ ધીમે ધીમે કેટલાક લોકોએ તેને ધર્મ સાથે જોડી દીધું અને મહિલાઓ માટે તેને ફરજિયાત બનાવી દીધું.અલબત, ગરીબો અને વેશ્યાઓ માટે ફરજિયાત ન હતો, બલ્કે, તેમને તેનો ઉપયોગ કરવાની મનાઈ હતી. જો આવી સ્ત્રી તેને પહેરે તો તેને જાહેરમાં અપમાનિત કરવામાં આવશે અને બાદમાં તેને સજા કરવામાં આવતી હતી!!!

ભારત સહિત વિશ્વભરમાં મહિલાઓ દ્વારા ચહેરા તથા શરીરને ઢાંકવા માટે અલગ-અલગ વસ્ત્રો પહેરવામાં આવે છે, જે હિજાબ, નકાબ, બુરખા જેવાં નામોથી ઓળખાય છે.

કેટલીક મહિલાઓ દ્વારા માથું તથા વાળને ઢાંકવા માટે સ્કાર્ફ પહેરવામાં આવે છે. જ્યારે કેટલીક મહિલાઓ દ્વારા ચહેરાને ઢાંકવા માટે નકાબ ,બુરખો અલઅમીર, શાયલા,ચદોર પહેરવામાં આવે છે.

પવિત્ર કુરાનની ત્રણ આયાતોમાં સ્ત્રીના પહેરવેશ અંગે લખવામાં આવેલ છે, પરંતુ હિજાબનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.જો કે, હિજાબ કે બુરખા પહેરવેશ એ ઈસ્લામનો ભાગ નથી, પરંતુ મુસ્લિમ કલ્ચરનો એક મહત્ત્વનો હિસ્સો છે.ઈસ્લામ સિવાય અન્ય ધર્મોમાં પણ માથું ઢાંકવાની પરંપરા રહેલી હોય છે. આવી સ્થિતિમાં, દરેક ધર્મના લોકો અલગ-અલગ વસ્તુઓ દ્વારા પોતાનું માથું ઢાંકતા હોય છે કે જેમાં દસ્તાર, ટાગલમસ્ટ, માઈટર, બિરેટ, શટ્રાઈમલ અને કિપ્પા વગેરેનો સમાવેશ થાય છે.આપણે ત્યાં લાજ કાઢવાનો , ઘૂમટો તાણવાનો રિવાજ છે. જેમ રૂપિયો ડોલર સામે ઘસાતો જાય છે તેમ લાજ કાઢવાનો કે ઘૂમટો કાઢવાનો રિવાજ ક્ષીણ થતો જાય છે. ગામડાંમાં મહિલાઓના લગ્ન ઉઘાડા મોંએ થતા નથી . મહિલાના ઉઘાડા મોંએ લગ્ન થવા એ ફેશન કે આધુનિકતા ગણવામાં આવે છે. મોટા ભાગે લાજનો ઘૂમટો તાણેલ દુલ્હનના લગ્ન સમયના ફોટોમાં કે વિડીયોમાં નવોઢા લાજનો ઘૂમટો તાણીને બેઠેલી કે ઉંભેલી હોય છે!!

આ વિડંબના છે કે પુરૂષોએ શું પહેરવું કે ન પહેરવું પુરૂષો નક્કી કરે છે. મહિલાઓએ શું પહેરવું કે ન પહેરવું? કેટલું બોલવું?ઊંચેથી ન બોલવું, પરાયા પુરૂષ સાથે ન બોલવું વગેરે બાબતો પુરૂષો નક્કી કરે છે. જેના માટે નક્કી કરો છો તેને પૂછો , તેને શું જોઈએ છે એ પૂછો!?મહિલાએ વાળ લાંબા રાખવા કે ટુંકા રાખવા એ તેમને નક્કી કરવા દો. તમે આવું બધુ નક્કી કરનાર કોણ? મહિલાઓએ જીન્સ પહેરવી, સ્લીવલેસ બ્લાઉઝ પહેરવું એ મહિલાઓને ખુદને નક્કી કરવા દો. પુરૂષો શા માટે મહિલાઓના મુકદરના સિકદંર બનવાની કોશિંશ કરે છે??

દુનિયાના ઘણા મુસ્લિમ દેશો છે જ્યાં હિજાબ પર પ્રતિબંધ છે અથવા તેને ફરજિયાત બનાવાયો નથી. આમાં કોસોવાએ ૨૦૦૯થી, અઝરબૈજાને ૨૦૧૦થી, ટ્યુનિશિયાએ ૨૦૧૧થી આંશિક રીતે પ્રતિબંધ મૂક્યો છે. અહીંની શાળાઓ, કોલેજો અને સરકારી ઓફિસોમાં હિજાબ પર પ્રતિબંધ છે. તે જ સમયે, સીરિયાએ ૨૦૧૦ અને ઈજિપ્તમાં ૨૦૧૫ થી શાળાઓ અને કોલેજોમાં હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા, મલેશિયા, મોરોક્કો, બ્રુનેઈ, માલદીવ્સ અને સોમાલિયામાં પણ હિજાબ ફરજિયાત નથી. જ્યારે હિજાબ કે બુરખો માત્ર ઈરાન, અફઘાનિસ્તાન અને ઈન્ડોનેશિયાના આચે શહેરમાં જ ફરજિયાત છે.

આજથી ૪૩ વર્ષ પહેલા જઈએ તો ઈરાન આવું નહોતું. પશ્ચિમી સભ્યતાના કારણે અહીં ઉદાર શાસન લાગુ હતું. ડ્રેસ પર કોઈ નિયંત્રણો નહોતા. સ્ત્રીઓ પોતપોતાની મરજી પ્રમાણે પોશાક પહેરી શકતી હતી, ગમે ત્યાં જઈ શકતી હતી. ઈરાન ૧૯૭૯ પછી બદલાઈ ગયું. તે સમયે ત્યાં ઈસ્લામિક ક્રાંતિનો યુગ આવ્યો. સત્તા પરિવર્તન થયું. ધાર્મિક નેતા આયાતુલ્લાહ ખોમેનીએ શાહ મોહમ્મદ રેઝા પહલવીને હટાવીને સત્તાની બાગડોર સંભાળી અને દેશભરમાં શરિયા કાયદો લાગુ કર્યો.

ઈરાનના હાલના રાષ્ટ્રપતિ ઈબ્રાહીમ રઈસી કે જે એક મૌલાના છે જેને દેશના રુઢીવાદીનું સમર્થન છે. તેને આજકાલ દેશના યુવાનોના ગુસ્સાનો સામનો કરવો પડી રહ્યો છે. દેશના યુવાનો હિજાબ કાનૂનને ઈસ્લામિક સમાજમાં નૈતિક ભ્રષ્ટાચારને સુનિયોજિત રીતે આગળ વધારવાનું માધ્યમ ગણે છે. વિરોધ પ્રદર્શનને લઈને ઓથોરિટીએએકશન લેવાનું શરુ કરી દીધું છે.ઈરાનના સુરક્ષા દળે પૂરા દેશમાં પેટ્રોલીંગ કરી રહયા છે. અને મહિલાઓને ડ્રેસ કોડનું પાલન કરવાનું કહી રહ્યા છે. જ્યારે સામે પક્ષે મોટા પ્રમાણમાં ડ્રેસ કોડ સામે દેખાવો કરી રહ્યા છે.મહિલાઓ રસ્તા પર ઉતરી છે. ઈરાનમાં હિજાબ પહેરવાનો કડક કાયદો હોવા છતાં ઘણી જગ્યાએ મહિલાઓ હિજાબ ઉતારીને વિરોધ કરી રહી છે અને હિજાબ સળગાવી રહી છે. ઘણી જગ્યાએ મહિલાઓએ વિરોધમાં પોતાના વાળ પણ કાપી નાખ્યા હતા. મહસા અમીનીના મૃત્યુ પછી ઈરાનના અનેક શહેરોમાં હિજાબના વિરોધમાં પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે. પ્રદર્શનકારીઓમાં ઈટાલીનું લોકગીત-ક્રાંતિગીત બેલા ચિઆઓ ભારે લોકપ્રિય થયું છે. પ્રદર્શનકારીઓ સમુહમાં આ ગીત ગાતા ગાતા વિરોધ કરી રહ્યા છે.

હજારો મહિલાઓ ઈરાનના શહેરોમાં રસ્તા પર ઉતરી રહી છે. અને પોતાનો હિજાબ ઉતારીને વિરોધ પ્રદર્શન કરી રહી છે. જ્યારે અનેક મહિલાઓએ સોશિયલ મીડિયાને પણ પોતાના વિરોધ પ્રદર્શનનું માધ્યમ બનાવ્યું છે. આ મહિલાઓ પોતાના વાળ કાપતી હોવાના વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર શેર કરી રહી છે જે સમગ્ર ઈરાન અને વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યા છે.

એક તરફ ઈરાનની સ્ત્રીઓ તેમની વ્યકિતગત સ્વતંત્રતા, હક્ક, અધિકાર બરકરાર રાખવા હિજાબ સામે આંદોલન ચલાવી રહી છે. જ્યારે આપણા દેશમાં હિજાબના સમર્થનમાં હંગામો કરી રહી છે,રસ્તા પર વિરોધ થઈ રહ્યો છે.કોર્ટ કેસ થઈ રહ્યા છે. તુષ્ટિકરણના પુષ્ટિકરણની વાતો ચગાવાઈ રહી છે!! લાગે છે કે સમયના કાંટા અવળા ફેરવી રહ્યા છે. ભારતના મુસ્લિમો આધુનિકતાનો પથ છોડી રૂઢિચુસ્તતાના રાજમાર્ગે ધકેલાઈ રહ્યા છે!!

મિડલ ઈસ્ટ દેશમાં પહેલેથી જ હિજાબ મામલે ભારેલો અગ્નિ છે અને હિજાબ નિયમોના ઉલ્લંઘન બદલ પોલીસ કસ્ટડીમાં પુરવામાં આવેલી યુવતીના મોત બાદ દેશવાસીઓમાં રોષ વ્યાપ્યો છે. ત્યારે આ બધા વચ્ચે ઈન્ટરનેશનલ એક્રર ક્રિસ્ટિયન એમનપોર ઈરાની રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસીનો ઈન્ટરવ્યુ લેવાની હતી. જોકે તેણીએ હિજાબ પહેરવાનો ઈનકાર કર્યો એટલે તે રદ્દ થયો છે. ઈરાનમાં હિજાબ સામેનો વિરોધ ૮૦ નગરોમાં પ્રસર્યો છે. આ આગમાં ૮૦ લોકો હોમાઈ ગયા છે. કદાચ આ દેખાવો સતા પરિવર્તનનું નિમિત બને તો નવાઈ નથી.આપણે ત્યાં હોસ્ટેલના વધેલા ફૂડબિલના વિરોધમાં વિધ્યાર્થીઓએ શરૂ કરેલ નવનિર્માણ આંદોલન આગની જેમ ફેલાયેલ હતું. જેના લીધે ચીમનભાઈ પટેલ સરકારનું પતન થયેલ હતું.!!

ભરત વૈષ્ણવ

આઝાદી?
દૂધમલિયા બકરાના,
સુંવાળા વાળ પર
મુલાયમ હાથ પસવારી,
કસાઈએ ઋજુતાથી પૂછયું.
ચાલ તને આઝાદી આપું છું,
મારા જેવો દયાળુ ન મળે તેનો અહેસાસ કરાવું .
બોલ.
બોલ.
આજે તારો અવાજ લાગે.
બોલ તને કત્લ કરવા કેવો છરો વાપરું?
જૈન છરો વાપરું ?
રેગ્યુલર છરો વાપરું?
તને એકઝટકે હલાલ કરૂં
કે
હપતાવાર હલાલ કરૂં??
ભરત વૈષ્ણવ
૨૮.૪.૨૦૨૨.#કવિતા




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





N.O.G. S. S No.0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- નવલી નવરાત.
પ્રકારઃ-. ગદ્ય લેખ.
શીર્ષકઃ-. નવરાત્રીનો આનંદ ઉલ્લાસ.
તારીખઃ- ૨૮/૯/૨૦૨૨. બુધવાર.
રચનાઃ-.

લાંબા કોરોના કાળબાદ તારીખ ૨૬/૯/૨૦૨૨ રોજથી નવરાત્રીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ભારતમાં નવરાત્રી નો મહોત્સવ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવે છે ,તેમાં પણ ગુજરાત રાજ્યમાં તેમજ મહારાષ્ટ્રમાં તેનું અનેરૂ મહત્વ છે.

આ વખતે નવરાત્રિનો અનેરો મહોત્સવ છે કારણ કે બે વર્ષ સુધી લોકો આ ઉત્સવ ઉજવી શકતા ન હત

આજે હું આપને દ્વારકામાં ઉજવાતા ગુગળી બ્રાહ્મણ ની નવરાત્રી ની માહિતી આપું છું.

દ્વારકામાં ગુગળી બ્રાહ્મણ ૫૦૫ ની ગરબી ની સ્થાપના ઈસવીસન ૧૮૭૪ ના ઓક્ટોબરની ૯મી તારીખે દ્વારકાના હોળી ચોકમાંશરૂઆતથઇ.ગરબીની વિશેષ રચના તે કાસ્ટ માંથી કચ્છના કલાકારોએ એ બનાવી છે .જે આજે પણ મોજૂદ છે .તેઓ એ ત્રણ ગરબી બનાવેલી એક આજે દ્વારકામાં છે બીજી બેટ દ્વારકામાં અને ત્રીજી જામનગર ગૂગળી બ્રાહ્મણો પાસે છે .સમય સમયે તેની જાળવણી કરી મરામત કરી અને આજે પણ સાચવી રાખવામાં આવી છે.ગરબીમાં માતાજીના નવ સ્વરૂપ ની કાસ્ટ ની મૂર્તિ છે,.

અને તેનું પૂજન કરવામાં આવે છે.તેના ઉપર દોઢ કિલો નો ચાંદી નો ગરબો રાખવામાં આવે છે અને તે ગોળ ગોળ ફરે છે.

આ ગરબીની વિશેષતા એ છે કે આમાં ફક્ત પુરુષો જ પીતાંબર, ધોતિયું ,બંડી ,પછેડી,પહેરીને જ ગરબી લઈ શકે છે તેના સિવાય કોઈને પ્રવેશ કરવા દેવામાં આવતો નથી.

આ ગરબીમાં માતાજીના જુના છંદો ગાવામાં આવે છે અને ગરબી લેવામાં આવે છે .પ્રથમ આરતી અને ત્યાર પછી જુદા જુદા છંદો ની શરૂઆત થાય છે દરેક દિવસના છંદ અલગ અલગ હોય .નોબત વાગેછે તેના તાલે લોકો ગરબી લે છે. દરેક છંદમાં ઈશ્વરના વર્ણન પ્રમાણે જુદા જુદા લોકો જુદા-જુદા વેશભૂષા ધારણ કરે છે શંકર અને પાર્વતી નો વેશ ભગવાન ના જુદા જુદા સ્વરૂપો માતાજી ના જુદા જુદા સ્વરૂપો વગેરેના વેશ લેવામાં આવે છે સ્ત્રીના વેશ પુરુષો જ લેછે અને તમે ઓળખી પણ ન શકો કે આ પુરુષ છે . અદભુત વેશ ધારણ કરી અને લોકો ગરબી ઉત્સવ મનાવે છે.

બહેનો માટે પણ અલગ મહિલા મંડળ ની ગરબી ગુગળી ની બ્રહ્મપુરી માં દર વર્ષે ઉજવાય છે .તેમાં . આ મંડળમાં કોઈપણ પુરુષને પ્રવેશ કરવા દેવામાં આવતો નથી.

ગૂગળી બ્રાહ્મણો ના કુલ ૧૪ પ્રકારના કુટુંબો છે, અને દરેકના અલગ અલગ માતાજી છે. દરેક માતાજીને રોજ નવા સ્વરૂપો અને વસ્ત્રો અલંકારોથી શણગારવામાં આવે છે,અને તે માતાજી માં દરેક કુટુંબના લોકો સાથે મળીને નવરાત્રીના નવ દિવસ સુધી માતાજીના ગુણગાન ગાય છે હવન હોમ કરે છે પ્રસાદની વહેંચણી કરે છે અને બધા જ કુટુંબીજનો આનંદથી નવરાત્રી મહોત્સવમાં ઉત્સાહપૂર્વક રંગબેરંગી વસ્ત્રોમાં ભાગ લે અને આનંદ કરે છે

આમ નવલી નવરાત્રી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

રતીલાલ વાયડા.
૨૮/૯/૨૦૨૨. બુધવાર.
નવી મુંબઈ.

---

NOG SS - NO - 0037
વિષય - નવરાત્રી.
વિભાગ - પદ્ય. ( ગરબો )
શીર્ષક -આરાધના.

રચના.....

આસો માસે આરાધના આદ્યશક્તિની થાય,
આરાસુર વાળા અંબેમા ગરબે રમવા આવો.
આજે આરતી અંબા ભવાની ની થાય,
અખંડ જ્યોત નવદુર્ગાની ઝગમગ થાય.
અમ આસ્થાનો દીપ, હેમનો ગરબો પ્રગટે,
અબીલ, ગુલાલ, કંકુનાં છાંટણા થાય.
રમવા ચોસઠ જોગણીઓ પધારે,
સ્વાગત કરીશું હેતથી, હૃદયના દ્વારે.
આસમાની ચૂંદડી ઓઢી અંબા માતે,
આરાસુરી અંબાજીના ગરબા ગવાય.
અલૌકિક માતાનું સ્વરૂપ દિશે,
આંખે અમૃત વરસાવી જાય.
આસ્થા અમારી અખંડ રાખજો,
આરાધના કરું હું વારંવાર ભવાનીમાં.
અવિચળ ભક્તિ પ્રદાન કરજો,
અંબા ભવાની શિશુને ખોળે લેજો,
અપરાધ અમારા ક્ષમાં કરજો.
આદ્યશક્તિ આરાધના ‘હેમ‘ ની સાંભળજો.
હેમલતા દિવેચા ‘હેમ‘

---

NOG : સાહિત્ય સરિતા
NOG SS No :119
શબ્દ : નવલી નવરાત
પ્રકાર : ગદ્ય
શિર્ષક : શક્તિ નો સંયોગ
શબ્દો : ૩૨૨

શક્તિ નો સંયોગ

મોઢે બોલુ મા રાંગરી,તે દિન તું દર્શન આપતી;
અઢળક પરચા તારા, વસ્તીને પરમાણ પામતી.

તારા કંદોરિયાની તું કરજે સહાય મા રાંગરી, તારા પારે આવેલાને ઉગારજે;

બોલ્યું ચાલ્યું માફ કરજે માતા જોગણી, વાડીવસ્તીમાં લીલા લહેર કરાવજે.

હાલના ટેક્નોલોજીના સમયમાં દુનિયા નજીક થતી જોવા મળે છે જ્યારે પરિવાર ટૂંકો થતો જોવા મળે છે. પણ અહીંયા અમારે ગામ વીસાવડીમાં રાંગરી(જોગણી) માતાના ઉત્સવમાં ખભેખભો મિલાવી એકતાનાં દર્શન કરાવ્યા છે. જે અહીં વિસ્તૃત રજૂ કરું છું.

તારો વેણ કદી નહીં ઉથાપે કોઈ,વાડી વસ્તીમાં રખાવજે મા તું સારો સંપ;

સૌને કહોળક્ષેમ રાખજે મા તું,તું જ અમારો આશરોને તું જ અમારો સ્તંભ.

અમારા ગામમાં રાંગરી(જોગણી) માતાજીનું નવું મંદિર બનાવ્યું છે. જેની પ્રાણપ્રતિષ્ઠા અને મંદિરમાં મૂર્તિની સ્થાપના-કળશ,ધ્વજારોહણ,યજ્ઞ અને માતાજીનો માંડવો નાખી સમગ્ર વાસના બસોથી વધુ પરિવારો જોડાઈને એકતાનાં દર્શન કરાવ્યા છે. જેમાં પાંચ અલગ-અલગ કુટુંબની કુલ મળીને ૨૮૯ જેટલા દિકરી-જમાઈને તેડાવી તેમનું સન્માન કર્યું છે. સમગ્ર પરિવારો અને મહેમાનો સાથે પંદરસો થી વધારે લોકોનો સમુહ ભોજન સમારંભ યોજીને અનેકતામાં એકતા બતાવી છે. એટલા બધા પરિવારોમાં મા રાંગરી (જોગણી) નાં પૂણ્ય પ્રતાપથી કોઈ પણ જાતના વાદ વિવાદ સિવાય રંગેચંગે ઉજવણી કરવામાં આવી છે, એટલુંજ નહીં પરંતુ તેમાં માતા રાંગરી(જોગણી) ની કૃપાથી એકમાળાના મણકામાં પરોવાઈ શક્તિનો સંયોગ નાં દર્શન થયા છે.

ખમ્મા કહીને કરતી મા ટહુકો,એ અણસારે પરચા પુરતી;
મા તારા અગણિત ઉપકારો, તું વહાર કરતી સૌની દુરથી.

આ ઉપરાંત મા રાંગરી તું પંચની વહાલી દેવ,તારી કરિયત તને લાગે પાય, બોલ્યું ચાલ્યું માફ કરજો, ભીડ પડે ઊભા રહી કરે તું સહાય. રાંગરી(જોગણી) માતાના ચોકમાં દરવર્ષે દેશી ઢોલના તાલે બહેનો માથે હેલ સાથે ગામઠી ગરબા અને ભાઈઓ દરરોજ અવનવા ટ્રેડીશનલ ડ્રેસમાં દાંડિયારાસની રમઝટ જમાવીને નવરાત્રી ઉજવાય છે.

માતાજીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી ત્યારે ઉદઘોષકની જવાબદારી વખતે મા રાંગરી(જોગણી) માતાજીની કૃપાથી મારા મનોભાવ માં સ્ફૂરેલ શબ્દો રૂપક તરીકે અહીં લેખમાં જુદી-જુદી જગ્યાએ રજૂ કર્યા છે.

જાગતી જ્યોત ગણાય તું માવડી,પરચાનો નહીં પાર મા રાંગરી;
સ્મરણ કરતાં પુગી આવતી, તારી સામે ન કરી શકે કોઈ આંગરી.

સદબુદ્ધિ આપી સારો રસ્તો બતાવજો,સારા સંસ્કારોનું સિંચન કરજે મારી માવડી;

વ્યસનોને તિલાંજલી અપાવીને, સૌને સુખ સંપત્તિ આપી હંકારજો અમારી નાવડી.

જય મા રાંગરી (જોગણી)
ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી વરણોસરી શંખેશ્વર વાહેદપુરા.

---

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
# કોટનના વાયદાના ભાવમાં રૂ.૮૧૦નો કડાકોઃ મેન્થા તેલમાં સુધારાનો સંચાર

સોનાનો વાયદો રૂ.૨૭ અને ચાંદી રૂ.૪૨૩ નરમઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૩૪૭૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૬૬૭૨ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૬૪ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૮,૯૮૦ સોદાઓમાં કુલ રૂ.૨૦,૨૦૬.૫૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૩૪૭૦.૩૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૬૬૭૨.૪૯ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૪૫,૬૩૨ સોદાઓમાં કુલ રૂ.૮,૯૯૧.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૯,૧૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૩૪૮ અને નીચામાં રૂ.૪૮,૯૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭ ઘટી રૂ.૪૯,૨૯૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩૯ વધી રૂ.૩૯,૫૫૯ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૮ ઘટી રૂ.૪,૯૦૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૦૦૮ના ભાવે ખૂલી, રૂ.૩૭ વધી રૂ.૪૯,૧૯૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૨૩૨ અને નીચામાં રૂ.૫૪,૩૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૪૨૩ ઘટી રૂ.૫૪,૯૫૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૪૬૨ ઘટી રૂ.૫૫,૪૩૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૫૨ ઘટી રૂ.૫૫,૫૭૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૧૩૦ સોદાઓમાં રૂ.૨,૦૪૨.૦૬ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૧૮૭.૩૫ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૬૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૪૫ ઘટી રૂ.૬૨૨.૨૫ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૭૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૨,૩૦૨ સોદાઓમાં કુલ રૂ.૨,૩૬૭.૪૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૪૦૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૩૦ અને નીચામાં રૂ.૬,૩૧૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૪ વધી રૂ.૬,૪૮૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૩૦ ઘટી રૂ.૫૫૨.૭૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૧૩ સોદાઓમાં રૂ.૬૯.૩૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૪૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૧,૫૫૦ અને નીચામાં રૂ.૩૦,૬૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૧૦ ઘટી રૂ.૩૦,૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૯૦ વધી રૂ.૯૮૮.૮૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૮૧૨.૩૪ કરોડનાં ૯,૭૬૩.૨૯૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪,૧૭૯.૧૮ કરોડનાં ૭૫૮.૩૦૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૫૭.૪૯ કરોડનાં ૧૯,૫૭,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૧૧૦ કરોડનાં ૧૯૭૬૮૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૫૯.૭૭ કરોડનાં ૧૯૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૯.૫૭ કરોડનાં ૯૬.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૭૭૪.૧૫૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૬૪.૬૫૩ ટન, ક્રૂડ તેલમાં ૯૦૯૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૯૧૪૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૨૧૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૭૧૨.૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૬૩.૬૯ કરોડનાં ૯૩૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૬૦૩ના સ્તરે ખૂલી, ૨૫ પોઈન્ટ ઘટી ૧૩,૬૦૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૬,૬૭૨.૪૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૫.૮૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૩૨.૬૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૬૪૩.૫૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૯.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૩૯.૯૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૦૩.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૩.૩૦ અને નીચામાં રૂ.૨૮૦.૫૦ રહી, અંતે રૂ.૮.૯૦ વધી રૂ.૩૫૧.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૦.૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૧.૫૦ અને નીચામાં રૂ.૩૩.૮૦ રહી, અંતે રૂ.૩.૨૦ ઘટી રૂ.૩૭ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૫ અને નીચામાં રૂ.૩૯૬ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૪૩૧.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૦ અને નીચામાં રૂ.૫૯૫ રહી, અંતે રૂ.૧૭.૫૦ ઘટી રૂ.૬૭૯ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૦ અને નીચામાં રૂ.૩૬૦ રહી, અંતે રૂ.૨૩.૫૦ ઘટી રૂ.૪૧૮ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૭.૪૦ અને નીચામાં રૂ.૧૫૭.૬૦ રહી, અંતે રૂ.૨.૩૦ ઘટી રૂ.૧૬૮.૨૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૫.૬૫ ખૂલી, ઊપરમાં રૂ.૫૫.૮૦ અને નીચામાં રૂ.૪૫.૬૫ રહી, અંતે રૂ.૫.૭૦ વધી રૂ.૫૨.૬૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૪૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૨ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૬ અને નીચામાં રૂ.૪૧૫ રહી, અંતે રૂ.૩૩ ઘટી રૂ.૪૩૨ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૩૧ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૬૬.૫૦ અને નીચામાં રૂ.૮૩૧ રહી, અંતે રૂ.૨૬૭ વધી રૂ.૧,૦૦૫ થયો હતો.

---

# પી..પી.જી. એક્સપેરિમેન્ટલ હાઈસ્કૂલના NSS યુનિટ દ્વારા NSS દિવસની ભવ્ય ઉજવણી




શાળાના એન.એસ.એસ. યુનિટ દ્વારા જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું .NSS પ્રોગ્રામર ઓફિસર શ્રી ભાવેશભાઈ રાવળ દ્વારા વિદ્યાર્થીઓને એન.એસ.એસ.ના સ્વયંસેવક તરીકેની જવાબદારીઓની ઓથ લેવડાવવામાં આવી હતી . એનએસએસ સ્વયંસેવકો દ્વારા પોતાના પ્રતિભાવ , વક્તવ્ય, NSS ગીત , ઉપરાંત શાળા કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કાર્યક્રમ , સમગ્ર કમ્પાઉન્ડમાં પ્લાસ્ટિક મુક્ત અભિયાનનું આયોજન કરવામાં આવેલ . બધા સ્વયંસેવકો એ ખુબ ખંતપૂર્વક પોતાની સેવાની ઝલક દર્શાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્યશ્રી ધનરાજભાઈ ઠક્કર એનએસએસ પ્રોગ્રામર ઓફિસર ભાવેશભાઈ રાવળ ,વ્યાયામ શિક્ષક શ્રી ભરતસિંહ ઠાકોર તથા શ્રી રણજીતભાઈ ચૌધરી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી

---

## ખોડલધામમાં બંધબારણે કોંગ્રેસની બેઠક થઈ
# દરેક સમાજને વસ્તી આધારે ટીકીટ મેળવવાનો અધિકાર :ખોડલધામ ચેરમેન નરેશ પટેલ
### વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે ‘‘ચલો કોંગ્રેસ કે સાથ માં કે દ્વાર‘‘ યાત્રા શરૂ

રાજકોટ,તા.૨૮

ગુજરાતમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ત્યારે કોંગ્રેસ પણ પ્રચારમાં લાગી ગઈ છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે ‘‘ચલો કોંગ્રેસ કે સાથ માં કે દ્વાર‘‘ યાત્રા કાઢી હતી. રાજકોટના બહુમાળી ભવન ચોકથી ‘કોંગ્રેસ કે સાથ માં કે દ્વાર’ યાત્રાનો પ્રારંભ થયો છે. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ સાથે નીકળેલી યાત્રા ખોડલધામ, ગાંઠીલા અને સીદસર મંદિરે જશે. ત્યારે ચૂંટણી માટે મતદારોને રીઝવવા કોંગ્રેસ પાટીદાર સમાજના શરણે ગયું છે. કોંગ્રેસની યાત્રા ખોડલધામ પહોંચી હતી. જ્યાં કોંગ્રેસના નેતાઓએ ખોડલધામ ચેરમેન નરેશ પટેલ સાથે બંધબારણે બેઠક કરી હતી. બંધ બારણે બેઠક કરતાં રાજકીય વર્તુઓમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. વિધાનસભાની ચૂંટણી પહેલા બંને આગેવાનો વચ્ચે બેઠક થતા ચર્ચાએ જોર પકડ્યું છે.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોરની ખોડલધામ ચેરમેન નરેશ પટેલ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ધારાસભ્ય લલીત વસોયા, પ્રતાપ દૂધાત, ભીખાભાઈ જોશી, ધારાસભ્ય અમરીશ ડેર, કેશોદના ધારાસભ્ય હર્ષદ રીબડીયા પણ ઉપસ્થિત રહ્યાં હતા. કોંગ્રેસના યાત્રા ખોડલધામ પહોંચી ત્યારે નરેશ પટેલ દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ જગદીશ ઠાકોરને ખેસ પહેરાવી સ્વાગત કરાયુ હતું. જેના બાદ ખોડલધામ મંદિર ખાતે ગુજરાત કોંગ્રેસના નેતાઓએ દર્શન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, વિધાનસભાની ચૂંટણીમાં પાટીદારોના મત અંકે કરવા કોંગ્રેસ દ્વારા આ યાત્રા કાઢવામાં આવી છે. આ અંગે કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોરે કહ્યું કે, વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ૧૨૫ સીટો આવશે. પાટીદાર સમાજ સહિતના ધાર્મિક સ્થળોએ આ યાત્રા જશે.

દરેક સમાજને વસ્તી આધારે ટીકીટ મેળવવાનો અધિકાર - નરેશ પટેલ

તો આ બેઠક અંગે પાટીદાર નેતા નરેશ પટેલે કહ્યું કે, ખોડલધામ ટ્રસ્ટ ખાતે કોઈ પણ વ્યક્તિ દર્શન માટે આવી શકે છે. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અને પાટીદાર નેતાઓ સાથે બેઠક થઈ છે. અહીંથી નીકળતા હતા ત્યારે મને ફોન આવતા મેં આમંત્રણ સ્વીકાર્યું હતું. સમય આવ્યે રાજકીય ચર્ચા પણ કરીશું. પરંતું આજે બેઠકમાં કોઈ રાજકીય ચર્ચા થઈ નથી. દરેક સમાજને વસ્તી આધારે ટીકીટ મેળવવાનો અધિકાર છે.

# આહવા ખાતે "જલવાયુ પરીવર્તન આધારીત ચિત્રસ્પર્ધા" યોજાઈ :




આહવાઃ તાઃ ૨૮ : "જલવાયુ પરીવર્તન" વિષય આધારીત ચિત્રસ્પર્ધાનુ આયોજન જલવાયુ પરીવર્તન વિભાગ, ગુજરાત સરકાર અને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત રાજયમા કરવામા આવેલ હતુ. જેના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પુરસ્કૃત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ દ્વારા તાજેતરમા એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલના આચાર્ય શ્રીમતી સોનલબેન મેકવાનાના અધ્યક્ષસ્થાને આયોજન કરવામા આવ્યુ હતુ.

આ સ્પર્ધામા ધોરણ ૯ થી ૧૨ ના કુલ ૭૨ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો. જેમા પ્રથમ ક્રમે વસાવા ધવલશ્રી, દ્વીતીય ક્રમે ગાવિત સલોમીબેન અને તૃતિય ક્રમે મસ્યા સૂરજભાઈ વિજેતા થયા જેમને સ્મૃતિ ભેટ, પ્રમાણપત્ર અને રોકડ ઈનામ મહેમાનોના હસ્તે એનાયત કરવામા આવ્યા હતા.

નિર્ણાયક તરીકે શ્રીમતી વૈદેહી પુરાણીક, શ્રી પંકજભાઈ નિરંજન અને શ્રી ભાવેશભાઈ લાડે ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શ્રી દેવાંગભાઈ દ્વારા કરવામા આવ્યુ હતુ. ચિત્રસ્પર્ધા સફળ કરવા માટે પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કોર્ડીનેટર આર.ડી.સુર્યવંશી તથા અન્ય સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામા આવી હતી.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ચાણસ્મા ખાતે વિચરતી વિમુક્તિ જાતિ દ્વારા સભા યોજી મામલતદાર શ્રી ને આવેદનપત્ર અપાયું



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

ચાણસ્મા ખાતે આવેલ લાલેશ્વર મહાદેવ ની અંદર આજરોજ વિચરતી વિમુક્ત જાતિઓ દ્વારા મહાસંમેલન યોજાયું હતું જેમાં વિવિધ સમાજ જેવા કે રાવળ, વણઝારા, તુરી સહી તો ૪૦ જેટલી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે ત્યારે જે ગુજરાતમાં સૌથી ઓછી પછાત જ્ઞાતિઓ છે જેમાં શિક્ષણ નોકરીઓ અને સત્તા કે પ્રતિનિધિત્વમાં બિલકુલ નહિવત પ્રમાણમાં છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે સમગ્ર જ્ઞાતિઓના લોકો દ્વારા મહા સંમેલન યોજ્યું હતું જેમાં એક જ સૂર ઉઠવા પામ્યો હતો કે વિચરતી વિમુક્ત જ્ઞાતિઓને ૧૧% અનામત ફાળવવામાં આવે તેમ જ શિક્ષણ નોકરીઓ અને બંધારણીય ચૂંટણીઓ જેવી કે ગ્રામ પંચાયતથી લઈને વિધાનસભા લોકસભા રાજ્યસભા વગેરેમાં લાગુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર વિવિધ સમાજો પોતાના હકો માટે આંદોલનો કરી રહ્યા છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે આવેલ લાલેશ્વર મહાદેવની મંદિરની અંદર તારીખ ૨૮ ૯ ૨૦૨૨ ના રોજ ચાણસ્મા ખાતે વિવિધ સમાજના લોકો એકત્રિત થઈ ચાણસ્મા મામલતદારને આવેદનપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું જેમાં સરકાર સુધી વેદના પહોંચાડવા માટે પણ નમ્ર અરજ કરવામાં આવી હતી ત્યારે તેઓની એક જ માર્ગ હતી કે વિચરતી વિમુક્ત જાતિઓઅને વિશ્વાસ ઘટતો જાય છે ૨૦૧૭માં પણ આ માંગણીઓ માટે લોકોમાં ખૂબ જ આક્રોશ વધતા ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં આપણા કેન્દ્રીય વરિષ્ઠ અગ્રણીઓ દ્વારા અમારી અમારી પડતર માગણીઓ પૂરી કરવા માટે સમાજના અગ્રણીઓને વચન આપ્યું હતું પણ જાણે વજન વગર થયું હોય તેવું દેખાઈ રહ્યું છે ત્યારે આજરોજ ન છૂટકે અમારે ગાંધીજી માર્ગે જવાની ફરજ પડી છે ત્યારે જો ઉપરોક્ત અમારી માગણીઓ નહીં સ્વીકારાય તો ગાંધીનગર સેક્ટર ૨૨ માં કલેક્ટર ની મંજૂરી લઈ ઉપવાસ આંદોલન પણ કરવામાં આવશે અત્રે યોજાયેલ સભામાં રાવળ સમાજમાંથી રાજુભાઈ રાવળ, જીવણભાઈ રાવળ, નારણભાઈ રાવળ, મોતીભાઈ વણકર, ગાડા ભાઈ દેવીપુજક, રાકેશભાઈ ડોડીયા, શિવદાન ગઢવી સહિતના દરેક સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ચાણસ્મા મામલતદાર ઓફિસે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

## ઝૂંપડામાં ચોરખાનું બનાવી સંતાડ્યો હતો ૩૦ લાખનો ગાંજો, બે આરોપીની ધરપકડ

સુરત,તા.૨૮

ગુજરાતમાં નશાના રવાડે ચડેલા યુવાનોને નશાથી દૂર રાખવા માટે ગુજરાત પોલીસે નશાના કારોબાર કરતા લોકોને ઝડપી પાડવાની શરૂ કરી છે, ત્યારે સુરતમાં ગાંજા માટે જાણીતા ઉત્કલન નગરમાં કતારગામ પોલીસે ઉત્કલન નગર ખાતે એક ઝૂંપડામાં ચોરખાનું બનાવીને રાખવામાં આવેલું ૩૦૫ કિલો ગાંજાનો જથ્થો કબ્જે કરી કર્યો છે. જેની કિંમત ૩૦ લાખ રૂપિયા થાય છે. સાથે જ પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે.છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં નશાનો કારોબાર કરતા શખ્સોને ઝડપી પાડી નશાનો નેટવર્ક તોડી પાડવા માટેની ક્વાયત શરૂ કરાઈ છે. આ મામલે સુરત પોલીસ પણ અગ્રેસર રહીને કામગીરી કરી રહી છે. સુરતમાં નશાના કારોબારના સૌથી મોટા નેટવર્કનો સુરત પોલીસે ભાંડો ફોડ્યા છે, ત્યારે વધુ એક રેકેટનો પડદાફાશ સુરતની કતારગામ પોલીસે કર્યો છે. ગાંજા માટે જાણીતું સુરતના કતારગામ પોલીસની હદમાં આવેલા ઉત્કલન નગરમાં એક ઝૂંપડામાં ચોરખાનું બનાવી ગાંજાનો મોટો જથ્થો સંતાડી રાખ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી.

# આહવા ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

આહવાઃ તાઃ ૨૮ : દર વર્ષ મુજબ આ વર્ષે પણ નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ, કોલકતા, નહેરુ સાયન્સ સેન્ટર- મુંબઈ, તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી- ગાંધીનગર દ્વારા નિરંતર વિકાસ માટે બુનિયાદી વિજ્ઞાન : પડકાર અને સંભાવના વિષય પર નેશનલ સાયન્સ સેમીનારનુ આયોજન કરેલ. જે વિજ્ઞાન સબંધિત વિષય પર યોજવામા આવે છે. તેનો મુખ્ય હેતુ શાળાઓના તેજસ્વી વિધાર્થીઓની ક્ષમતાને બહાર લાવવાનો છે. અ ા કાર્યક્રમના ભાગરૂપે ગુજરાત રાજયના દરેક જિલ્લા તેમજ રાજ્ય ક્ક્ષાએ સેમીનારનુ આયોજન કરવાનુ વિચારેલ, જે પ્રથમ તબક્કે જિલ્લા ક્ક્ષાએ સેમીનારનુ આયોજન પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તાજેતરમા પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર- ડાંગ ખાતે જિલ્લા ક્ક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર યોજાયો. જેમા ડાંગ જિલ્લાની ૬ માધ્યમિક શાળાઓએ ભાગ લીધો.એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ, આહવાના ગાંગોર્ડે યશ મોહનભાઈ પ્રથમ અને સરકારી મા. શાળા, આહવાના દૈયા માધુરીબેન પોખરાજભાઈ દ્વિતીય ક્રમે પસંદ થયેલ છે, જે હવે પછી રાજય ક્ક્ષાના સેમીનાર ના ભાગ લેવા માટે જશે.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત અમદાવાદના કેન્સવિલે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે આવતીકાલથી લૉન બોલ્સ ગેમ્સનો પ્રારંભ

**જાણો લૉન બોલ્સ ગેમ્સનો પ્રારંભ, નિયમો વિશે રસપ્રદ માહિતી**

**કોમનવેલ્થમાં ઈતિહાસ રચ્યા બાદ દેશના ખ્યાતિપ્રાપ્ત ખેલાડીઓ ઊતરશે મેદાનમાં**

અમદાવાદ,

ગુજરાત રાજય ૩૬મી નેશનલ ગેમ્સનું યજમાન બન્યું છે. અમદાવાદના કેન્સવિલે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે આવતીકાલથી લૉન બોલ્સ ગેમ્સનો પ્રારંભ થઇ રહ્યો છે. ભારતીય મહિલા ટીમે બર્મિંગહામમાં કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં લૉન બોલ્સ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યાં બાદ લોકોનો લૉન બોલ્સ ગેમ્સમાં રસ વધ્યો છે ત્યારે આવતીકાલે શરૂ થનારી લૉન બોલ્સ ગેમ્સમાં દેશના વિવિધ રાજયોના ખેલાડીઓની રમત માણવાલાયક બનશે. આ ગેમ્સના નિયમો અને ઈતિહાસ વિશે વિગતે જાણીએ.

કોમનવેલ્થ ગેમ્સના પ્રારંભથી જ એટલે કે વર્ષ ૧૯૩૦થી લૉન બોલ્સ ગેમ્સનો તેમાં સમાવેશ કરાયો. ભારત કોમનવેલ્થમાં આ ગેમ રમતું આવ્યું છે. જેમાં ભારતની ટીમે વર્ષ ૨૦૨૨ અગાઉ વર્ષ ૨૦૧૦, ૨૦૧૪ અને ૨૦૧૮માં ભાગ લીધો છે.

લૉન બોલ્સ ગેમ્સ કેવી રીતે રમાય છે તે વિશે જાણીએ. લૉન બોલ્સ ગેમ્સ સિંગલ્સ, ડબલ્સ, ત્રણ અને ચાર સ્પર્ધકોની ટીમ સાથે રમી શકાય છે. જેમાં મુખ્યત્વે સ્પર્ધકે- ટીમે જેકની નજીકમાં નજીક દડાને પહોંચતો કરવાનો હોય છે. આ જેક એટલે મુખ્ય ટાર્ગેટ. જે ટીમ બોલને જેકની જેટલી નજીક પહોંચાડવામાં સફળ બને છે. તેને એટલા વધારે પોઈન્ટ મળે છે અને તે વિજેતા બને છે. મેટ ઉપર ઊભા રહી બોલર જેક તરફ બોલને મોકલે છે. જેક ક્યાં હોય છે તે નક્કી હોતું નથી. તે ખેલાડી ઉપર નિર્ભર હોય છે કે તેને કેટલે દૂર સુધી મોકલી શકે છે. જો તે મેદાનની બહાર જતો રહે તો બોલ પાછો લાવવામાં આવે છે. આ રમત બન્ને ફોર્મેટ એટલે કે સિંગલ્સ અને ટીમમાં રમી શકાય છે. ટોસ જીતનારી ટીમે પહેલા જેક બોલને રોલ કરવાનો હોય છે. હવે બોલ જ્યાં અટકે છે, પછી ત્યાં જ બોલને ગગડવામાં આવે છે.

રસપ્રદ વાત તો એ છે કે આ બોલ પણ સપ્રમાણ વજન દરેક તરફથી નથી હોતો. તેની એક તરફ વધુ વજન હોય છે. જેથી તે વળાંકવાળા રસ્તે આગળ ધપી શકે. ખેલાડીએ એક મેટ ઉપર ઊભા રહી બોલને ગગડાવાનો હોય છે. આ માટેની ચાર ઈવેન્ટમાં દરેક ટીમ મેમ્બરને દરેક રાઉન્ડ માટે બે વખત વારો મળે છે.

કેન્સવિલે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે આવતીકાલે તા. ૨૮ સપ્ટેમ્બરથી પ્રારંભ થઇ રહ્યો છે. જ્યારે આગામી તા. ૫ ઓક્ટોબરે વિવિધ ટીમ તેમજ સિંગલ્સ વચ્ચે ફાઈનલ રમાશે.

અહીં યોજાનારી રમતના નિયમો જોઈએ તો સિંગલ્સમાં ૨૧ પોઈન્ટ પ્રથમ કરનાર વિજેતા બનશે. જ્યારે પેર્સ એટલે કે ડબલ્સ તેમજ ત્રણ ખેલાડીની ટીમમાં ૧૮ એન્ડસ કે વધુ પોઈન્ટ કરનારા તેમજ ચાર ખેલાડીની ટીમમાં ૧૫ એન્ડસ કે વધુ પોઈન્ટ્સ કરનાર વિજેતા બનશે. સેમી ફાઈનલ તેમજ ફાઈનલમાં ઈવેન્ટ મુજબ વિજેતા નકકી થશે.


# ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત આવતીકાલે લૉન બોલ્સ ગેમ્સનો પ્રારંભ

## ત્રણ સેશનમાં વિવિધ રાજ્યો વચ્ચે ૨૪ મેચ યોજાશે

અમદાવાદ,

અમદાવાદના કેન્સવિલે ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબ ખાતે આવતીકાલે ૩૬મી નેશનલ ગેમ્સ અંતર્ગત લૉન બોલ્સ ગેમ્સનો પ્રારંભ થશે. જે અંતર્ગત સવારે ૮.૪૫ વાગ્યે શરૂ થનારા પ્રથમ સેશન સહિત કુલ ત્રણ સેશન્સમાં ૨૪ જેટલી મેચ યોજાશે. જેમાં પ્રથમ સેશનમાં મેન પેર્સ, વુમન સિંગલ્સ બીજા સેશનમાં મેન ટ્રિપલ, વુમન ફોર જ્યારે ત્રીજા સેશનમાં મેન પેર્સ, વુમન સિંગલ્સની ઈવેન્ટ યોજાશે. જેમાં આસામ,મણિપુર, ઝારખંડ, દિલ્હી, પશ્ચિમ બંગાળ, ગુજરાત, ઓડિશા, બિહાર, સહિતનાં રાજ્યોની ટીમો ભાગ લેશે. દરેક સેશન ત્રણ કલાકનું રહેશે.

# '૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨' અમદાવાદ "જુડેગા ઇન્ડિયા, જીતેગા ઇન્ડિયા"



અમદાવાદ,

કર્ણાવતી નગરી તરીકે સુવિખ્યાત વર્લ્ડ હેરિટેજ શહેર અમદાવાદમાં ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ની ઘણી રમતો યોજાવાની છે. કેટલીક રમતો ગાંધીનગર સહિત ગુજરાતનાં અન્ય શહેરોમાં પણ યોજાશે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ ભારતના દરેક છેડેથી રમતવીરો ગુજરાત અને ગુજરાતીઓના મહેમાન બનવાના છે ત્યારે આપણાં સૌ માટે આ 'રમતોત્સવ' અનેક પ્રકારે ખાસ બની રહેશે. 'ફેન્સિંગ' શબ્દ અંગ્રેજી ભાષાનો છે એટલે ઘડીકમાં વળી ટપ્પોય ના પડે! આપણે ગુજરાતી આમ હોંશિયાર છીએ! પણ આપણી ગુજરાતી મીઠુડી! એટલે ગર્વિષ્ઠ ગુજરાતી જિંદાબાદ! 'ફેન્સિંગ' એટલે તલવારબાજી! તલવારબાજીનું નામ સાંભળીને રગરગમાં દોડતું લોહી અંગ અંગમાં જુસ્સો પેદા કરી મુકે! યસ, તલવારબાજી એક રમત તરીકે ઓલિમ્પિકની શરૂઆતથી જ મોસ્ટ ફેમસ ને વળી ફેવરિટ ગેમ છે! સમયની સાથે આ રમતનો સંપૂર્ણ અંદાજ ચેન્જ થઇ ગયો! ઓલિમ્પિકની શરુઆતમાં આ રમત એટલી લાઈમલાઈટમાં નહોતી પણ હવે તો આ ગેમ સૌને આકર્ષિત કરે છે,એમાંય યુવાઓ તો તલવારબાજીનું નામ પડે એટલે એમને તલવાર ફેરવવાનુંય મન થઈ આવે! તલવાર ચલાવવી અથવા તલવારબાજી! બે ખેલાડી એક પ્લેટફોર્મ પર પ્રતિધીસ્પર્ધા કરે છે,જેને પીસ્ટ કહેવાય, વળી તલવારબાજીના પણ પ્રકાર છે! ફોરમેટ છે! 'ધી ફોયલ' ફોરમેટમાં તલવારબાજી કરનાર ખેલાડી માત્ર તલવારની નોંકથી જ વાર કરી શકે. ખેલાડીને પ્રતિસ્પર્ધીના ધડ પર પ્રહાર કરવાથી જ અંક પ્રાપ્ત થાય છે.

ખોટી રીતે અથવા તો નિયમ વિરુદ્ધ પ્રહાર કરવામાં આવે તો સ્પર્ધા રોકી દેવામાં આવે છે. આ ફોરમેટમાં 'સીધો પ્રહાર' નિયમનું પાલન ફરજિયાત હોય છે એટલે કે,હુમલાની શરુઆત કરનાર 'ફેન્સર' સીધો જ પ્રહાર કરે! છેને ગજબ બાકી! સામેના પ્રતિસ્પર્ધીને મોકો જ ના આપવો પ્રહાર કરવાનો! સામેના પ્રતિસ્પર્ધી પાસે એકમાત્ર બચવાનો વિકલ્પ હુમલાને રોકવાનો જ હોય છે! વળી બધું અકલ્પનિય સ્પીડમાં જ થતું હોય! હુમલો પણ! વિચારવાનો મોકો પણ મળવો મુશ્કેલ હોય છે પ્રતિસ્પર્ધી પાસે! પણ વેલ ટ્રેઈન્ડ પ્રતિસ્પર્ધી હુમલાને કેવી રીતે રોકવો તેનું હુન્નર સારી રીતે જાણતો હોય છે! 'સાબરે' ફોરમેટમાં ખેલાડી તલવારના કોઈપણ હિસ્સાથી પ્રતિસ્પર્ધીના કમરના ઉપરના ભાગમાં કોઈપણ જગ્યાએ હુમલો કરી શકે છે! જ્યારે 'એપી' ફોરમેટ સાવ આસાન બોલે તો ઈઝી છે બોસ! બીકોઝ સામસામે ખેલાડીઓ એકબીજાના શરીરના કોઈપણ ભાગમાં માથાથી લઈને પગ સુધી પ્રહાર કરી શકે છે, વળી અહીંયા પ્રહાર કરવાની સેકન્ડો પણ લીમીટમાં હોય છે અને એ રીતે જ અંકો કાઉન્ટ થાય!

ભારતમાં તલવારબાજી છેક મોડે મોડેથી શરૂ થઈ. વર્ષ ૧૯૭૪માં 'ફેન્સિંગ' માટે ફેન્સિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયાની સ્થાપના થઈ અને ત્યારબાદ ધીમે ધીમે આ રમત તરફ લોકોનું ધ્યાન ગયું. છેક મોડેથી વર્ષ ૧૯૯૭માં ભારત સરકારે આ રમતને માન્યતા આપી. પછી તો વર્ષ ૧૯૯૯થી પુરુષ અને મહિલા વર્ગ માટે વિવિધ શ્રેણીમાં ચૈમ્પિયનશિપનું આયોજન પણ થતું રહયું. ભારતમાં આ રમતની લોકપ્રિયતા વધારવા માટે દ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૨૧ સુધી રણનૈતિક યોજના પર ફોકસ કરવામાં આવ્યું જેમાં શિક્ષા,ભાગીદારી, પ્રતિયોગિતા, સર્વ શ્રેષ્ઠની તાલીમ અને પ્રદર્શન. ભવાની દેવી ભારતના શ્રેષ્ઠ મહિલા ફેન્સર તરીકે મોસ્ટ ફેમસ છે.આ રમતમાં તૈયારી,બચાવ,જવાબી હુમલો સહિતના દાવ પેચ અજમાવવામાં આવે છે. નેશનલ ગેમ્સ-૨૦૨૨માં 'ફેન્સિંગ' રમત સામેલ છે,જેની સ્પર્ધા મહાત્મા મંદિર-ગાંધીનગર ખાતે યોજાવાની છે.અલગ અલગ રાજયના પ્રતિસ્પર્ધી ખેલાડીઓ સામસામે ટકરાશે ત્યારે તલવારબાજી જોવાનો અને માણવાનો આનંદ અનેરો અને રોમાંચક હશે! વી આર રેડી...! એન્ડ યુ?? લેટ્સ સેલિબ્રેટિન્ગ યુનિટી થ્રૂ સ્પોર્ટ્સ!

-ધર્મેશ વાળા & વિવેક - પ્રાદેશિક માહિતી કચેરી,અમદાવાદ

# ફોટો ગેલેરી




# દિવાળી અગાઉ મોદી સરકારની ભેટ, મફત રાશન યોજના વધુ ત્રણ મહિના લંબાવાતા ગુજરાતના 3 કરોડ ૪૮ લાખ લોકોને લાભ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય**

**ઓકટોબર ૨૦૨૨ થી ડીસેમ્બર -૨૦૨૨ સુધી મળશે લાભ**

**આ યોજના હેઠળ દેશમાં ૧૨૨ લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવશે**

**આ યોજનાથી ૮૦ કરોડ લોકોને ફાયદો થશે, તેના પર કુલ ? ૪૪,૭૬૨ કરોડનો ખર્ચ થશે**



ગાંધીનગર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૨: કેન્દ્ર સરકારે બુધવારે (૨૮ સપ્ટેમ્બર) તહેવારોની આ સિઝનમાં લોકોને મોટી ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મફત રાશન યોજનાને અંગે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

પીએમ ગરીબ કલ્યાણ યોજના હેઠળ મફત રાશન યોજનાને વધુ ત્રણ મહિના સુધી લંબાવવામાં આવી છે.

તેનાથી ગુજરાતના ૩ કરોડ ૪૮ લાખ લોકોને નિયમિત મળવાપાત્ર અનાજ ઉપરાંત વ્યક્તિ દિઠ ૫ કિલો અનાજ નો વિનામૂલ્યે લાભ મળશે. આ યોજના અંતર્ગત દેશમાં ૧૨૨ લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવશે અને ૮૦ કરોડ લોકોને ફાયદો થશે. તેના પર કુલ ? ૪૪,૭૬૨ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, છેવાડાના માનવીની સુખાકારી માટે વિવિધ યોજનાઓ અને નિર્ણયો કરવામાં આવ્યા છે. હવે કેન્દ્ર સરકારના આ નિર્ણયથી , રાજ્યના નાગિરોકની સુખાકારીમાં વધુ ઉમેરો થશે.

આજરોજ આ યોજનાનો સાતમો તબક્કો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ઓકટોબર થી ડીસેમ્બર -૨૦૨૨ એમ વધુ ત્રણ માસ માટે ગુજરાત રાજયના "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા - ૨૦૧૩" હેઠળ સમાવિષ્ટ ૭૧ લાખ રેશનકાર્ડધારક કુટુંબની ૩ કરોડ ૪૮ લાખ જનસંખ્યાને નિયમિત મળવાપાત્ર અનાજ ઉપરાંત વ્યક્તિ દિઠ ૫ કિલો અનાજ ( ઘઉં અને ચોખા)નો વિનામૂલ્યે લાભ મળશે.

ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીને નિયંત્રણમાં લેવા માટે લાગુ કરાયેલ અનિવાર્ય લોકડાઉન પરિસ્થિતિના લીધે કોઈ પણ ગરીબને ભૂખ્યું ન રહેવુ પડે અને જરૂરિયાતમંદોને ભોજન મળી રહે તે માટે એપ્રિલ ૨૦૨૦ માં મફત રાશન વિતરણ યોજના કોવિડ રાહત યોજના તરીકે શરૂ કરવામાં આવી હતી. આ યોજના ૩૦ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ રહી હતી.

આ યોજના હેઠળ લગભગ ૮૦ કરોડ લોકોને પ્રતિ વ્યક્તિ ૫ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.